

# અધ્યાત્મ

વર્ષ-૪ અંક-૩ ડીસેમ્બર-૧૯૮૨

## સદ્ભાવભરી ભેટ

અધ્યાત્મ પ્રત્યે વાંચકો ને સાધકો જે સદ્ભાવ રાખે છે, એની પ્રતીતિ ભેટ દ્વારા કરાવતા રહે છે. રાજકોટના શ્રી હરસુખરાય પંડ્યાએ ગયા વર્ષ એકલે હાથે ૫૦ ઉપરાંત ગ્રાહકો નોંધ્યા હતા. ચાલુ વર્ષે પણ એમણે તથા તેમના ભાઈશ્રી ચંદ્રકાન્તભાઈ પંડ્યાએ મળી ૧૦૦ ઉપરાંત ગ્રાહકો નોંધી આપ્યા છે.

રૂા. ૨૫, શ્રી હિતેશકુમાર તથા ધર્મિષ્ઠા પુત્રપુત્રીના જન્મ-દિન નિમિત્તે ભાઇશ્રી હરસુખરાય પંડ્યા તરફથી

રૂા. ૧૧૧, ચિ વિકાસ સુરેશભાઇ શાહ તરફથી (કેનેડા)

રૂા. ૮૧, કેનેડાના Onevay શહેરના ધ્યાન કેન્દ્રની આરતીમાં આવેલ રકમ અધ્યાત્મને ભેટ

રૂા. ૨૧, શ્રી. એમ. આર જોષી પોરબંદર તરફથી સગાઈ નિમિત્તે.

## આજીવન સભ્ય

અધ્યાત્મના નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે મુજબ છે:–

૨૭૧ શ્રી વિશ્વનાથ મૂળશંકર જાની મુંબઇ — રૂા. ૨૫૧

૨૭૨ શ્રી ઠાકોરભાઇ મથુરભાઇ ભક્ત, કપુરા. — રૂા ૨૫૧



શ્રી યોગેશ્વરજી





## નૂતન વર્ષાભિનંદન

જીવન જ્યોતિ જેવું બનો.
પોતે પ્રકાશમય બનીને બીજાને પ્રકાશ ધરો.
જીવન સુમન સરખું બનો.
સ્વયં સુવાસિત બનીને સૌને સુવાસ ધરો.
જીવન સરિતા સમું કરો.
સદાને સારુ આનંદપૂર્વક અભિસરણ કરીને.
પરમાત્માના પરમ સનાતન સ્નેહસિંધુમાં મળો.
જીવન વરસાદ જેવું વિમલ બનો.
બીજાને રસ આનંદ સંતોષ ધરો.
કોઇકની જીવનવાડીને હરિયાળી કરો.

**સુખ, શાંતિ, સમુન્નતિ, આનંદ સહુને
પ્રાપ્ત હો એવી શુભેચ્છાઓ.**

ધનતેરસ,
સંવત–૨૦૩૮

**યોગેશ્વરજી
સર્વેશ્વરી**

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૪ અંક : ૩ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
સાંઇકૃપા, જવાહર ચોક, ગોપાલકુંજના નાકે
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી–સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વહોરા ( અમદાવાદ )
શ્રી કે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :**
રાધેસ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| પરા અને અપરા વિદ્યાનો સમન્વય | ૩ | શ્રી યોગેશ્વરજી |
| વિનોબાજીની વિદાય | ૫ | તંત્રી |
| સ્વામી મુક્તાનંદ | ૭ | શ્રી પ્રપન્નલાલ કાજી |
| મહાત્માજીનો ૧૦૧મો ઉપવાસ– | ૧૧ | શ્રી ભાઇલાલભાઈ છાટબાર |
| યોગના આસનોની ઉપયોગિતા | ૧૬ | શ્રી યોગેશ્વર |
| પુરુષ સૂક્ત | ૧૯ | શ્રી પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ |
| પૂજ્ય શ્રી મોટા | ૨૪ | શ્રી રમેશ ભટ્ટ |
| સમર્પણ | ૩૦ | શ્રી સર્વેશ્વરી |
| જગમાં જીતે છે | ૩૧ | શ્રી જગદીશચંદ્ર આચાર્ય |
| જટાળો જોગી | ૩૨ | શ્રી આશા ત્રિવેદી |
| ધન્ય થાવા દે | ૩૩ | શ્રી પ્રભાવતીબહેન પંજવાણી |
| ધન્ય જીવન | ૩૪ | શ્રી યોગેશ્વર |
| આરઝૂ | ૩૫ | શ્રી બાબુભાઈ મહેતા |
| દાન | ૩૬ | શ્રી ફાધર વાલેસ |
| દર્શન ક્યારે ફળે? | ૩૮ | શ્રી પિનાકીન ના. જાની |
| વિનય પત્રિકા ને તુલસીદાસજીની ભક્તિ | ૪૨ | શશિકાન્ત કોન્ટ્રાક્ટર |
| સંતની દિવ્ય દૃષ્ટિ | ૪૯ | શ્રી બી. સી. ચાંગેલા |
| પ્રકાશના પંથે | ૫૦ | શ્રી દીપકભાઈ મહેતા |
| રવીન્દ્રનાથ ટાગોરના જીવનના બે પ્રસંગો | ૫૪ | શ્રી મણિભાઈ શાહ |
| મારો અનોખો અનુભવ | ૫૭ | શ્રી કિરીટ ત્રિવેદી |
| રામકથા | ૬૦ | શ્રી યોગેશ્વર |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

વર્ષ : ૪ ડીસેમ્બર-૧૯૮૨ અંક : ૩


## પરા અને અપરા વિદ્યાનો સમન્વય

ઉપનિષદમાં સનત્કુમાર ઋષિ તથા દેવર્ષિ નારદનો વાર્તાલાપ છે. વીણાપાણિ દેવર્ષિ નારદ સનત્કુમારપાસે પહોંચીને કહે છે કે મારા જીવનમાં શાંતિ નથી, તો મને શાંતિ મળે તેવું જ્ઞાન આપો. સનત્કુમારના પ્રશ્નના ઉત્તરરૂપે એ પોતે જેમની અંદર પારંગત છે એવી અનેક પ્રકારની નાનીમોટી વિદ્યાઓનું વર્ણન કરી બતાવે છે, અને કબૂલ કરે છે કે એ વિદ્યાઓ અંતરની ઊંડી શાંતિ નથી આપી શકી.

સનત્કુમારને એ સ્પષ્ટીકરણના પરિણામે કોઈ આશ્ચર્ય નથી થતું. કારણ કે એમનો નિશ્ચિત અભિપ્રાય છે કે બે વિદ્યાઓ જાણવાજેવી છે : પરા અને અપરા. એમાં જેટલી પણ લૌકિક અને પારલૌકિક વિદ્યાઓ કે કળાઓ છે તે અપરાવિદ્યા છે. એમાં શાસ્ત્રવિદ્યાનો સમાવેશ પણ થઈ જાય છે : અને પરા વિદ્યા એ છે જેનો આધાર લેવાથી સર્વવ્યાપક, અવિનાશી, પરમાત્માનો પરિચય થાય છે. નારદજીએ અપરા વિદ્યામાં પૂરેપૂરું પ્રભુત્વ મેળવેલું, પરંતુ પરા વિદ્યામાં એમનો પ્રવેશ એટલો બધો નહોતો થયો એની માહિતી સનત્કુમારે પૂરી પાડી.

સનત્કુમાર અને નારદનો એ વાર્તાલાપ ઘણો મહત્ત્વનો છે. એ ઉપનિષદ્કાલીન વાર્તાલાપનો ચિરસ્મરણીય પ્રસંગ માનવજાતિને માટે એ સનાતન સંદેશ વહેતો કરે છે કે ભૌતિક વિદ્યાઓ અને

ભૌતિક ઉન્નતિની જીવનની સુખાકારી અને સમૃદ્ધિમાટે આવશ્યકતા હોવા છતાં, એમની એક મર્યાદા છે, તથા તે મર્યાદાને જાણી લેવી જોઈએ. એ વિદ્યાઓ માનવમનને સમુન્નત, સ્થિર, સંયમી અને શાંત નહિ કરી શકે તથા સંવાદથી સંપન્ન પણ નહિ બનાવી શકે. તે ભૌતિક સમસ્યાઓનો ઉકેલ કરી શકશે, પણ આત્મિક પ્રશ્નોને હલ નહિ કરી શકે. આત્મિક પ્રશ્નોને હલ કરવા અને અંદરની શાંતિ મેળવવા માટે તો અંદરની દુનિયામાં ઊંડે ઊતરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવો પડશે. એ દ્વારા વિભિન્ન વસ્તુઓમાં વ્યાપ્ત પરમાત્માની પરમ સત્તાનો સ્વાનુભવ કરીને અનેકતામાં એકતાનો અનુભવ સહજ કરવો પડશે. જીવનમાં એવી રીતે સંવાદિતાની સ્થાપના સહજ થઈ શકશે.

એટલે લૌકિક વિદ્યાઓ આવશ્યક તો છેજ, પરંતુ એ વિદ્યાઓની સીમામાં બંધ થઈને બેસી રહેવાને બદલે, એથી આગળ વધીને આત્મવિદ્યાનો રસ પણ કેળવવો જોઈએ. જીવનમાં એ બેય વિદ્યાઓ જરૂરી છે. બંનેનો સ્વીકાર તથા સમન્વય કરવાનો છે. ભારતનો એ પ્રાચીન છતાં સનાતન સંદેશ છે.

અધ્યાત્મવિદ્યામાં જેમ પરમાત્માના પરિચયનું મહત્ત્વ છે તેમ મન અને ઇન્દ્રિયોપરના નિયંત્રણનું પણ મહત્ત્વ છે. એ નિયંત્રણ સમજપૂર્વકનું, સહજ અથવા સ્વાભાવિક અને સુખપ્રદ હોય છે. એટલે આશીર્વાદરૂપ ઠરે છે. કેટલાક અનભિજ્ઞ લોકો આશંકા સેવે છે તેમ તે જીવનને જડ કે નીરસ નથી કરતું, રસમય બનાવે છે. એ ઉપરાંત, અધ્યાત્મવિદ્યા માનવની કાયાપલટ કરી ઉત્તમ ચારિત્ર્યનું નિર્માણ પણ કરી દે છે. કોઇપણ બૌદ્ધિક પ્રતિભાસંપન્ન વ્યક્તિ કે સમષ્ટિને માટે ચારિત્ર્યનિર્માણ એક અનિવાર્ય આવશ્યકતા છે. પ્રજા કેવળ વિજ્ઞાન કે ટેકનોલોજીના આધારપર નથી ટકતી, પરંતુ ચારિત્ર્યથી–સદ્‌વિચાર તથા સદાચારથીજ–સમૃદ્ધ અને શક્તિશાળી બને છે. એને કેળવવાની પણ જરૂર છે. —શ્રી યોગેશ્વરજી



આધુનિક વૈદિક ઋષિ એવા.

# વિનોબાની વિદાય

—તંત્રી

પ. પૂ. શ્રી. વિનોબા ભાવેનો દિવાળીના દિવસે જ તા. ૧૫–૧૧–૮૨ ના રોજ પવનાર આશ્રમમાં સ્વર્ગવાસ થયો. એમની વિદાયથી ભારતમાં આધ્યાત્મિક મૂલ્યોને રાજકીય ક્ષેત્રમાં પણ કાર્યાન્વિત કરવાના પૂ. મહાત્મા ગાંધીજીના અખતરાના એક સક્રિય સાથી ને સાક્ષીનો ખાલીપો ઊભો થયો. પૂ. વિનોબાજી પ્રધાનપણે એક આધ્યાત્મિક સંત હતા ને એમનું એ રીતનું પ્રદાન ઘણું મહત્ત્વનું છે. એમ છતાં એમણે વ્યાવહારિક જીવનને અવગણ્યું ન હોવાથી, સમગ્ર જીવનના ફલકોને આવરી લેતા તેમજ સમાજના રાજકીય કે સામાજિક જીવનમાં પણ આધ્યાત્મિક વિચારસરણિનો અમલ કરવાના ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોને જાળવીને, જીવનમાં આચરી બતાવવાના પ્રયોગો સૈકાઓ સુધી માનવજાતને પ્રેરણા પાતા રહેશે એમાં શંકા નથી.

પૂ. વિનોબાજીની ભૂદાન ભાગીરથીની પ્રવૃત્તિએ સામાજિક અહિંસક ક્રાન્તિની નવી દિશા ઉઘાડી. ગમે તે કારણોસર તે થવી જોઇએ એટલી વ્યાપક, અસરકારક ને સફળ ન બની. છતાં એણે સાચા કાર્યકરોને એક નવી દિશાસૂઝ આપી અને જ્યાં જ્યાં સન્નિષ્ઠ ને નિઃસ્વાર્થ કાયકરોએ એનો સચ્ચાઈપૂર્વક અમલ કર્યો ત્યાં તેનાં સારાં પરિણામો પણ પ્રાપ્ત થયાં એવાં સફળતાનાં ક્ષેત્રો ભલે નાનાં રણદ્વીપ જેવાં હોય છતાં તે એ શુભચિહ્ન છે. ઇચ્છીએ કે એ ખૂબ વ્યાપક બને.

વ્યાવહારિક જીવનમાં શક્ય છે, તેની પ્રતીતિ કરાવી.

પૂ. વિનોબાજીનું જીવન એક સાચા તપસ્વી બ્રહ્મચારી ઋષિનું જીવન, સાદાઈ, તિતિક્ષા ને ગાંધીજીનાં દસ વ્રતોનું પાલન એમણે એમના જીવનમાં આચરી બતાવ્યું. ધર્મની સાચી ને ઊંડી સમજ, એક પ્રખર ભાષા પંડિત હોવા છતાં, એમનું સરળ, ભાવવાહી ને સંસ્કારી ગદ્ય, એમના પવિત્ર ને સાદા સરળ જીવનનું પ્રતિબિંબ પાડે છે. એમના જીવનમાં વિચાર, ને આચારમાં એકવાક્યતા જણાતી. એથીજ એમનાં વચનો ને વાણી અસરકારક ને દિલસ્પર્શી બનતાં. મૌનનો સાચો અર્થ ને આવશ્યકતા એ પુરેપૂરી સમજતા, એટલે જરૂર પૂરતુંજ બોલતા, કદી વાણીવિલાસ કરતા નહિ.

પૂ. વિનોબાજીની અંતિમ ઈચ્છા, સમગ્ર ભારતમાં ગૌબંધી-ની હતી. આપણી પ્રજા ને સરકાર પ્રજાકીય હોવા છતાં, એનો પૂરેપૂરો અમલ કરીને ઈચ્છા પૂરી કરાવી ન સકી, એ દુઃખદ છે. પ્રભુને પ્રાર્થીએ કે એમની એ ભાવના એમની હયાતી બાદ પૂર્ણ બને.

પૂ. વિનોબાજી એટલે એક આદર્શ સંત, સાધુ, સેવક ને સમન્વયકાર. ઘણા બધા દૈવી ગુણોનો દેહધારી માનવ. એવા એક સંતની વિદાય આપણને વિષાદમય કરે, નિરાશાથી ભરે, ખાલીપાની પ્રતીતિ કરાવે; છતાં એ વાસ્તવિકતા છે. આપણે એ સંતના જીવનમાંથી પ્રેરણા લઈ, એમના આદર્શો, ધ્યેયો ને ભાવનાઓને જીવનમાં યથાશક્તિ આચરવાનો પ્રયત્ન કરીએ, એજ એ સંતને સાચી શ્રદ્ધાંજલિ હોઈ શકે. એ બ્રહ્મરૂપ હતા ને બ્રહ્મમાંજ મળી ગયા–આપણે માટે મૂકી ગયા એમની જીવનલીલાના પ્રસંગો પ્રેરણા પામવા માટે.



# સ્વામી મુક્તાનંદ પરમહંસ

પ્રપન્નલાલ કાજી

[ ગણેશપુરીના સ્વામી શ્રીમુક્તાનંદ પરમહંસજી તા. ૨–૧૦–૮૨ના રોજ બ્રહ્મલીન થયા; તે સમાચાર તેઓશ્રીના બહોળા શિષ્ય સમુદાય માટે દુઃખદ ઘટના સમાન છે. એક આત્મનિષ્ઠ શક્તિશાળી સંતની ભૌતિક વિદાય એક અસામાન્ય ઘટના છે, કારણ કે એવા સંતોની સંખ્યા ઘણી અલ્પ હોય છે.

એમના ગુરુ બાબાશ્રી નિત્યાનંદજીએ એઓશ્રીને તા. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના દિને પોતાની પાદુકા પ્રસાદરૂપે આપેલી. તે પછી વજ્રેશ્વરી પાસે ગણેશપુરીમાં મંદિર આગળની માત્ર ત્રણ નાની કુટિરોમા તેઓએ આશ્રમની સ્થાપના કરી. તે પછી છેલ્લાં પાંત્રીસ વર્ષોમાં ત્યાં ગુરુદેવ આશ્રમની ભવ્ય ઈમારતો ને સુંદર ઉપવનનું નિર્માણ થયું છે. તે સાથે સાથે ભારતીય તેમજ પરદેશના અનેક સાધુ ભાઈ બહેનો આત્મિક શાન્તિ અર્થે ત્યાં આવીને વસ્યાં છે ને પ્રેરણા ને શાન્તિ મેળવી છે.

પૂ. સ્વામી મુક્તાનંદજીએ ગુરુનો મહિમા ખૂબ ગાયો છે. અને પોતાના ગુરુ બાબાશ્રી નિત્યાનંદજીનું સુંદર મંદિર રચી તેમાં ભવ્ય સુવર્ણમય પ્રતિમાની પ્રતિષ્ઠા પણ કરી છે. એવા સિદ્ધયોગ પ્રવર્તક સ્વામીશ્રી મુક્તાનંદ પરમહંસજીની ચિતિ શક્તિ વર્ષો સુધી એઓશ્રીમાં પ્રેમને શ્રદ્ધા ધરાવનાર સાધકોને પ્રેરણા પાતી ને પથ પ્રદર્શન કરતી રહો એવી ભાવના સાથે તેઓશ્રીનાં શ્રીચરણોમાં ભાવાંજલિ અર્પીએ છીએ.

આ પ્રસંગે તેઓશ્રીના જીવનની વિગતો દર્શાવતો શ્રી પ્રપન્નલાલ કાજીનો નાનકડો લેખ અહીં સાધક ભાઈબહેનોની જાણ ખાતર પ્રસિદ્ધ કરીએ છીએ. –તંત્રી ]

મુક્તાનંદજીનો જન્મ તા–૧૬–૫–૧૯૦૮ ને રોજ વૈશાખી પૂર્ણિમાના દિને મેંગ્લોર (મૈસુર) માં મંજુનાથ મહાદેવની કૃપાથી થયો હતો. શિશુવયથી સંપૂર્ણ વૈરાગ અને ત્યાગવૃત્તિ એમના જીવનમાં આવી હતી. અનેક ધામે ગુરુની શોધમાં સાધના માર્ગ સ્વીકારી એઓ ફર્યા. ૧૮મે વરસે સિદ્ધારૂઢ સ્વામી પાસેથી પ્રથમ દીક્ષા એમણે એમને સાધનાથી પ્રસન્ન કરીને પ્રાપ્ત કરી હતી. વેદાન્તનો ખૂબ ઉંડો અભ્યાસ એમણે કર્યો હતો. ભારતની પગે ચાલીને ત્રણવાર યાત્રા કરી ખૂબ ખડતલ શરીર બનાવ્યું હતું.

નસીરાબાદમાં એમને સિદ્ધ સંત ઝિપ્રુઅણ્ણાએ એમના ભાવિને ઉજ્જવલ લેખી કહ્યું કે નિત્યાનંદજીને ત્યાં તમને સાચો માર્ગ મળશે. જ્યારે એઓ નિત્યાનંદજીને મળ્યા ત્યારે જન્મોથી ઓળખતા હોય તેટલા પ્રેમથી સંબોધન કરીને એઓએ મુક્તાનંદને કહ્યું "તુમ આ ગયે." તા–૧૫–૮–૪૭ના રોજ ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે એમને એ દીક્ષા આપેલી. અને યોગ માર્ગનું નિદર્શન કરાવી તા–૧૬–૧૧–૫૬ સુધી યેવલા માં રહેવા અને ત્યાં કાશ્મીરી શૈવ યોગની-સિદ્ધયોગની સાધના કરવા આજ્ઞા આપી અને ત્યાં પરમહંસપદની પ્રાપ્તિ એમણે કરી. આ સાધનાને અંતે તા–૮–૮–૬૧ના રોજ પોતાની આંતરશક્તિનું અવતરણ કરી ગુરુ નિત્યાનંદજીએ સમાધિ લીધી.

ગણેશપુરી મુંબઈથી ૭૫ કી. મી. દૂર આવેલું છે, ત્યાં નિત્યાનંદજીએ આશ્રમ બનાવ્યો છે. તે–આશ્રમને ભૌતિક રૂપથી અને આધ્યાત્મિકતાથી મુક્તાનંદજીએ ખૂબ આકર્ષક સર્વસંપન્ન બનાવ્યો છે અને આદર્શ આશ્રમનું પવિત્ર



જીવન ગાળવા ત્યાં બાબા તરફથી પ્રેરણા અને પ્રોત્સાહનસ્રોત મળ્યા કરે છે, ત્યાં લગભગ ચારસો પાંચસો આશ્રમવાસીઓ કાયમ રહે છે. આશ્રમની પ્રેરણાશક્તિ બાબા છે. સવારે ત્રણ વાગ્યાથી રાતસુધી એઓ ગતિશીલ રહે છે–બાબાનું આશ્રમમાં અનુશાસન ખૂબ કઠોર હોય છે તેથી આ આશ્રમ જીવન તપસ્યાસમું છે. ત્યાંનો કાર્યક્રમ સવારે ૪–૪૫થી ધ્યાનથી શરૂ થાય છે અને રાતે ૯–૧૫ સમયે શિવમહિમ્ન-સ્તોત્રથી સમાપ્ત થાય છે. આ કાર્યક્રમ દરમ્યાન ગુરુગીતા રુદ્રમ્ ૐ નમઃશિવાય ની સામૂહિક ધૂન કીર્તન વગેરે થાય છે. બાબા પોતાના આસન પર મોર પંખી પિચ્છ લઈને બેસે છે. સ્રી અને પુરુષ અનુશાસિત પંક્તિમાં સામે બેસે છે– બાબા આશીર્વાદના રૂપમાં દરેકને મોરપંખી પિચ્છથી સ્પર્શ કરે છે. જેની વરસગાંઠ હોય તે Happy birthday to you કહી ભેટો પણ આપે છે. આખું વાતાવરણ અલૌકિક બની જાય છે આ રોજનો બાબાનો દર્શન કાર્યક્રમ પ્રભાવોત્પક અને મનોરમ બની રહે છે–બહારથી કાંઈ નિયંત્રણ ન છતાં આશ્રમના પ્રવેશની સાથેજ ભક્તો માંસ મદિરા ધૂમ્રપાન બુરી વાસનાનો ત્યાગ કરી દે છે અને નવાજીવનની શરૂઆત કરી દે છે

મારા જીવનનો ઉદ્દેશ કોઇ ધર્મનું પ્રચારકાર્ય નથી. ભારતીયતા અને માનવતા એ મારા જીવનના લક્ષ્ય છે-આ ઉદ્દેશ-થી મેં બધા આશ્રમો સ્થાપ્યા છે. મારે માટે આખું વિશ્વ એ મારું કુટુંબ છે.

બાબાનો શક્તિપાત ગુરુકૃપા પર આધારિત હોય છે. સિદ્ધ મહાયોગના શક્તિપાતથી બાબા કુંડલિની મહાશક્તિ-ને જાગ્રત કરે છે. શક્તિપાત દૃષ્ટિ શબ્દ સ્પર્શ સંકલ્પથી થાય છે–પરંતુ બાબાનો શક્તિપાત અનેક વિલક્ષણ તરીકા-થી થાય છે–સાધકને આશ્રમનું સ્નાનઘર સાફ કરતાં, બાબાના કપડાંની ઇસ્ત્રી કરતાં, વાણી સાંભળતા વિ. રીતે થાય છે.

એમના ઉપદેશોમાં શિવસૂત્ર, પ્રત્યભિજ્ઞા હૃદયમ, સ્પંદકારિકા, કુલાર્ણવભૈરગીતા, અનેક સંતોના સુવાક્યો આવે છે. એમના ઉપદેશનું કેન્દ્ર બિન્દુ શૈવ સિદ્ધાંતનું મનોવિજ્ઞાન છે. એમની આધ્યાત્મિકયાત્રા નિત્યાનંદજીના ચરણમાં સંપૂર્ણ વિરામ પામી છે-એમના "ચિત્તશકિત વિલાસ" નામક ગ્રંથમાં તેનું અક્ષરશઃ વર્ણન છે.

બાબાએ ત્રણવાર વિશ્વયાત્રા કરી છે. અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલીઆ, વિ. સ્થળે આશ્રમો સ્થાપીને અધ્યાત્મ કેન્દ્રો બનાવ્યાં છે. ત્યાં ગણેશપુરીના આશ્રમ જેવું આશ્રમવાસીઓ જીવન પ્રાપ્ત કરે તે માટે સંચાલકો પણ નીમ્યા છે. ભારતમાં ઠેર ઠેર એમના ભજન-ધ્યાન કેન્દ્રો સ્થપાયાં છે.

એમણે એમના છેલ્લા જન્મદિને સંદેશ આપેલો કે બચપણથી અત્યારસુધી મારી આજ્ઞાનું પાલન કરનાર મારી સાથે તાદાત્મ્ય સાધનારા બે સ્વામીઓને મારી ગાદી પર મેં બેસાડ્યા છે-તે સ્વામી ચિદ્‌વિલાસાનંદ (એક સ્ત્રી) અને સ્વામી નિત્યાનંદ (પુરુષ) તેમનો પદાભિષેક પણ કરી દીધો છે-ઉત્તરાધિકારી નીમીને તેમને તમામ જવાબદારી સોંપી છે. પૂર્ણ નિર્વાણનો આદેશ આપીને હું વિદાય લઉ છું.

મુંબઈમાં તા. ૩-૧૦-૮૨ના રોજ પુરુષોત્તમ આસોની પૂર્ણિમાને દિને રાતના ૧૧-૨૦એ પોતાના ગુરુ નિત્યાનંદની સમાધિની વીડીઓ કેસેટોનો રાતના ૧૦ સુધી નિર્ધારિત કાર્યક્રમ જોઇ-પછી બાબા એમના ખંડમાં ગયા અને સમાધિ મુદ્રામાં પ્રાણત્યાગ કર્યો. પોતાની સમાધિ પછી કયા રંગના કપડાં પહેરાવવાં, કયી સ્થિતિમાં કયાં સ્થળમા, કયી ચાદર ઓઢાડવી વિ. અને ગણેશપુરીમાં લઈ જવાની સૂચના આપી દીધી હતી તે પ્રમાણે પૂર્ણચંદ્રોદય સમયે એમણે સમાધિ લીધી.

"આપકો પૂજો, આપકો ધ્યાઓ, આપકો સમ્માન કરો" એ એમનો સર્વને માટે સંદેશ છે.



# મહાત્માજીનો ૧૦૧મો ઉપવાસ-દિન

ભાઈલાલભાઈ છારબાર

## નામજપનો મહિમા અને સાક્ષાત્કાર

તા. ૪-૧-૫૫ની સવારે ૯-૩૦ વાગ્યે ઉતારે પહોંચીને પ્રણામ કરીને બેઠા. મહાત્માજી હિંડોળા ઉપર બેઠા છે. ગોરધનભાઈ આવીને ચાલ્યા ગયા છે. એક અન્ય ભાઇ દર્શન વંદન માટે આવ્યા. મહાત્માજીએ તેને કહ્યું કે કંઇ પૂછવું હોય તો બોલો. આ પ્રમાણે સંવાદ થયો.

પ્રશ્નઃ—મનુષ્ય કયી રીતે પરમપદ પામી શકે?

મહાત્માજીઃ—જ્ઞાન, ભકિત, યોગ અને કર્મ એમ ચાર માર્ગ દર્શાવ્યા છે.

પ્રશ્નઃ—પરમપદ પ્રાપ્ત થયું છે એમ કેવી રીતે માલૂમ પડે?

મહાત્માજીઃ—તે સર્વશકિતસંપન્ન, સર્વજ્ઞ, સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને પ્રેમસ્વરૂપ બની જાય છે.

પ્રશ્નઃ—અધ્યાત્મના પાયારૂપ કયી કયી ચીજો ગણાય?

મહાત્માજીઃ—સત્ય, સ્વધર્મપાલન, શાન્તિ અને સર્વાત્મભાવ તેમજ આનંદ.

પ્રશ્નઃ—મુમુક્ષુ કેવો હોય?

મહાત્માજીઃ—તેની ભૌતિક જરૂરતો ઓછામાં ઓછી હોય છે. તે અપરિગ્રહી હોય છે. તે પોષણ પૂરતું જ પેટ ભરે છે. તેને ખબર હોય છે કે તેનું શરીર આ લોક અને પરલોકને જોડનાર પુલ સમાન છે. તે જ્ઞાનપ્રાપ્તિની દિશામાં થયેલ પ્રગતિના વિચારોમાં ને આત્મખોજ માટેના પુરુષાર્થમાં

મસ્ત રહે છે. પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ પ્રેમ તરફ જ તેના જીવન-નું સૂકાન હોય છે. તે પોતાના જીવનથી બનેલા સ્વર્ગને જ સાચું સ્વર્ગ માનતો હોય છે. મુમુક્ષુ પોતે મુક્ત બની અન્ય જીવન મુક્તોને તૈયાર કરે છે... ... ....

દરમિયાનમાં એક બીજા ભાઈ આવીને પ્રણામ કરીને બેઠા હતા. ઉત્તર પૂરો થતાં જ આ નવ-આગન્તુક ભાઈએ પ્રશ્ન કર્યો.

પ્રશ્ન:—કયો—કોના નામનો જપ સર્વ શ્રેષ્ઠ છે!

મહાત્માજી—બધાં જ નામ તે પરમશક્તિનાં જ નામ છે. કોઈપણ નામનું સ્મરણ કરો એટલે બધાં જ નામોનું એકી સાથે સ્મરણ થઈ જશે.

પ્રશ્ન—શિવપંથીઓ શંકર ભગવાનનું અને વિષ્ણુપંથી-ઓ રામ કે કૃષ્ણનું નામ પસંદ કરે છે. તો આ ત્રણમાં કયું નામ વધારે સારું?

મહાત્માજી—નામ ત્રણેય સારાં છે. કોને કયા નામ તરફ વિશેષ રુચિ છે, તેના ઉપર આધાર રહે છે. તમને કયું નામ વધારે ગમે છે?

પ્રશ્નાર્થી—મને રામ અને કૃષ્ણ ગમે છે. તે બેમાંથી મારે કોનો મંત્ર જપવો?

મહાત્માજી—એ બેમાંથી તમને કોણ વધારે ગમે છે? બેમાંથી જેનું સ્વરૂપ તમને વધારે ગમતું હોય તેને તમારે ઈષ્ટ તરીકે સ્વીકારવા અને તેનો નામમંત્ર જપવો.

પ્રશ્નાર્થી—આમ તો મને બંને ગમે છે પણ રામ તરફ વધારે પ્રીતિ છે.

મહાત્માજી—તો રામના સ્વરૂપને અને રામના મંત્રને પસંદ કરીને તમારે આગળ ચાલવું. દરેકમાં રામનાં દર્શન



કરવાં અને તેવો વ્યવહાર કરવો.

પ્રશ્ન—પ્રત્યેકમાં રામનાં દર્શન કરવા માટે સહેલો ઉપાય શું છે?

મહાત્માજી—તમારામાં રામ છે, તે જ રામ સામેની વ્યક્તિમાં પણ વસે છે એમ માનવું તે.

પ્રશ્નાર્થી—એવી માન્યતા મનમાં રહે ખરી પણ વ્યવહાર-માં કંઈક બીજું થઈ જાય.

મહાત્માજી—સામેની વ્યક્તિ તમે પોતે જ છો એમ માનવાની ટેવ ધીરે ધીરે પાડો. પશુપંખીઓને અને ઝાડ-પાનને પણ એવી જ રીતે પ્રેમ કરો. આ બધા જીવજગત-માંથી પસાર થઈને જ તમે આવેલા છો. એક વાર તમે પણ તેવા જ હતા. આજે ચેતનજગતના અન્ય જીવો અને ઝાડ-પાન તમારા સ્નેહી-સ્વજનો, વિશ્વાસુ સહકાર્યકરો અને વફાદાર ચાકરોની જેમ તમારી પાછળ પાછળ ચાલી રહ્યાં છે. આ સમજણથી આગળ ચાલશો તો પશુપંખીઓને—ચેતનજગતના તમામ જીવોને તથા વનસ્પતિમાત્રને પ્રેમ કર્યા વિના તમે રહી શકશો નહિ.

પ્રશ્ન—સાક્ષાત્કાર એટલે શું તે કૃપા કરીને સમજાવો.

મહાત્માજી—યોગી, જ્ઞાની અને ભક્તને અલગ અલગ રીતે સાક્ષાત્કારનો અનુભવ થાય છે. યોગી સમાધિ-અવસ્થા-માં પોતાના હૃદય પાસે એક ગોળાકાર દિવ્ય જ્યોતનું દર્શન કરે છે; બ્રહ્મજ્ઞાની સર્વાત્મભાવ થઈ જતાં તમામ પ્રાણી-પદાર્થમાં પરમ શક્તિનાં અને સ્વ-સ્વરૂપનાં દર્શન કરે છે. ભક્ત પોતાના ઈષ્ટનું સાક્ષાત્ દર્શન કરે છે. સમાધિમાં ડૂબેલા

યોગીને પ્રકાશના નાનકડા ગોળાસ્વરૂપે પરમાત્મદર્શન થાય છે. જ્ઞાનીને જગતનું વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મ છે, એ સત્યાનુભૂતિ કાયમ બની જાય છે. તેને બ્રહ્માકારવૃત્તિ સાંપડે છે અને અંદર બહાર બધેય એક બ્રહ્મસ્વરૂપનો અનુભવ રહેતો હોવાથી, તેને સર્વ પ્રત્યે સમભાવ રહે છે અને તેનાં બહારનાં કામ સંપૂર્ણ સમતાથી થાય છે. ઈષ્ટનું દર્શન થઇ જતાં ભકતના હ્રદયમાં પણ સર્વાત્મભાવ જાગી ઊઠે છે અને તે પ્રત્યેક પ્રાણી-પદાર્થમાં પોતાના ઈષ્ટનું દર્શન કરે છે અને સમતાપુર્વકનો વ્યવહાર કરે છે.

પ્રશ્ન—ઈષ્ટનું દર્શન થઇ જાય એટલે ભકત સાક્ષાત્કારની ભૂમિકાએ પહોંચી ગયો છે, એમ જ કહેવાય ને?

મહાત્માજી:—સાક્ષાત્કારની પણ જુદી જુદી કક્ષા છે. કોઇ ભકતને અવારનવાર સ્વપ્નમાં ઈષ્ટનું દર્શન થયા કરે અને તે માને કે મને સાક્ષાત્કાર થઈ ગયો છે. કોઇને વળી સેવાપૂજા કરતાં કે હાલતાં ચાલતાં ઇષ્ટનો આભાસમાત્ર પ્રતીત થાય અને તે માનવા લાગે કે મને સાક્ષાત્કાર થયો છે. કોઈ ભકતને વળી ઈષ્ટ સ્વરૂપની સ્પષ્ટ-અસ્પષ્ટ રૂપે ઝાંખી થયા કરતી હોય અને તે માનવા લાગે કે પોતાને ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ ગયો છે.

: કોઇને વળી સ્પષ્ટ રૂપે ઇષ્ટનાં સાક્ષાત્ દર્શન થતાં હોય છે અને હ્રદયમાં પ્રેમભાવનું પૂર આવતાં જ ઇષ્ટનું મનોહર સ્વરૂપ સન્મુખ ખડું થતું હોય છે. કોઇક ભકત સમક્ષ ઇષ્ટદેવતા પ્રત્યક્ષ થઈ મધુર વાણીથી બોલતા હોય તેવો પણ તેનો અનુભવ હોય છે. કોઈ કિસ્સામાં ભક્ત અને તેના ઇષ્ટદેવતા પરસ્પર વાત પણ કરતા હોય છે.

: કોઈ જવલ્લે જ જોવા મળતા કિસ્સામાં ભકત અને



ઇષ્ટદેવતાનું પ્રતિપળ સાંનિધ્ય રહેતું હોય છે અને ભકત તેને પૂછીને પ્રત્યેક કાર્ય કરતો હોય છે. ભક્તિની ચરમ સીમાએ ભકત અને ઇષ્ટદેવતા એકરૂપ એકાકાર થઈ જાય છે એટલે કે દ્વૈત દૂર થઇ જાય છે. આવા એકરૂપતાના લગભગ અસંભવિત પરન્તુ શકય કિસ્સામાં ભકત પોતે જ ભગવાન બની રહે છે.........આમ ના થાય તો પણ પ્રભુદર્શનનો ચિરવિરહ એ માનવ-જીવનનું માનવ-જન્મનું અમૃત છે.

ઉત્તર પૂરો થતામાં મુ. નરોત્તમભાઇ આવી પહોંચ્યા અને પ્રણામ કરીને બેઠા. સવ્વા દસ વાગ્યા હતા. પંદરેક મિનિટ બેસીને અમે સૌએ પ્રણામ કરીને રજા લીધી. મહાત્માજીના નયનોમાં પ્રેમપૂર્ણ સ્મિતની ઝલક હતી.

આજની આ સવારે જાણે કે સાક્ષીભૂત થઇને ચૈતન્યની ક્રાન્તિ નજરે નિહાળી. શરીર, મન-પ્રાણ અને બુદ્ધિ ચેતનાના પરમ સ્તરે વિલસી રહેલાં દેખાયાં. રાગ અને વિરાગથી તટસ્થ વીતરાગી તપસ્વી કેવા હોઈ શકે તેનું આ પ્રત્યક્ષ દર્શન હતું.

મહાત્માજી દ્વારા થતું પ્રત્યેક પ્રશ્નનું તીક્ષ્ણ ગહન વિશ્લેષણ, અનુપમ વ્યાખ્યાઓ અને વિચારો તથા ભાવોને અલંકૃત કરતી ગતિપ્રતિભા—આ બધું અદ્ભુત છે. તેઓશ્રીની આસપાસના વાતાવરણ-પ્રભાવમાં શુદ્ધ અને સાત્ત્વિક વૈભવ છે. તેઓશ્રીને માનવહ્રદયમાં છુપાઇને પડેલી દિવ્યતાના આવિષ્કરણમાં અડગ વિશ્વાસ અને અખૂટ શ્રદ્ધા છે. તેઓશ્રી સાચા અર્થમાં એક યુગપ્રવર્તક મહાપુરુષ છે. દિવ્યતાનું આવિષ્કરણ અને માનવધર્મનો સંદેશ એ જાણે કે એમના જીવનનું મીશન છે.

સાંજે ફરવા જવામાં સાથે હતો રાતના પ્રવચન અને ધૂન બાદ સૌએ પ્રણામ કરીને રજા લીધી.

# યોગનાં આસનોની ઉપયોગિતા

શ્રી યોગેશ્વર

યોગનાં આસનોનો અભ્યાસ આપણી યુવાન પેઢીને માટે અત્યંત આશીર્વાદરૂપ અને આવશ્યક છે. એ પેઢી એનો લાભ લે એવું આપણે અવશ્ય ઈચ્છીશું અને એને માટે ભલામણ પણ કરીશું. યુવાવસ્થા આસનોના અભ્યાસ ને બીજી બધી જ જાતના યોગાભ્યાસને માટે અનુકૂળ અવસ્થા છે. એ દૃષ્ટિએ જોતાં યુવાનોએ આસનોના અભ્યાસમાં વધારે ને વધારે રસ લેવો જોઈએ. આપણી યુવાન પ્રજાનું શરીરસૌષ્ઠવ જોઈએ તેટલું સારું નથી એ હકીકતનો ઈનકાર ભાગ્યે જ કરી શકાય તેમ છે. યુવકો ને યુવતીઓમાં સ્વાસ્થ્ય તથા શારીરિક શક્તિનો અભાવ છે. બીજા પ્રાંતોની પ્રજાની સરખામણીમાં ગુજરાતની પ્રજા શારીરિક દૃષ્ટિએ થોડી નબળી દેખાઈ આવે છે એ વસ્તુ ગૌરવ લેવા જેવી કે શોભાસ્પદ તો નથી જ. એટલે શરીર સુધારણાની વૃત્તિથી પ્રેરાઈને પણ પ્રજા યોગાસન તથા યોગની બીજી ક્રિયાઓના અનુષ્ઠાન તરફ વળે એ બધી રીતે ઉપયોગી છે.

યોગના આસનોનો અભ્યાસ પુસ્તક કે ફોટાઓની મદદથી પોતાની મેળે પણ કરી શકાય છે. એવી રીતે અભ્યાસ કરનારા માણસો પણ નથી હોતા એમ નહિ. પરંતુ વધારે સારી પદ્ધતિ તો કોઈ અનુભવી કે નિષ્ણાત માણસની મદદથી જ આસનો અને યોગનાં બીજા અંગોનો અભ્યાસ કરવાની છે. એ પદ્ધતિ વધારે અનુકૂળ અથવા ઉપયોગી છે. પોતપોતાની પ્રકૃતિ તેમજ શારીરિક યોગ્યતા પ્રમાણે દરેકે જુદા જુદાં આસનોનો આધાર લેવાનો હોય છે અને આસ-



નોનો ક્રમ પણ એકસરખો સાચવવાનો નથી હોતો. કેટલાંક આસનો કેટલાંકે ટાળવાં પણ પડે છે એની સાચી અને સંપૂર્ણ સમજ આસનોના અભ્યાસીને પોતાની મેળે ભાગ્યે જ પડી શકે. માટે જ એને માટે અનુભવી માણસનું માર્ગદર્શન ઉપયોગી ઠરે છે કે બને છે.

### સમય

આસનોના અભ્યાસક્રમનો સર્વોત્તમ સમય સવારનો છે. વહેલી સવારે સૂર્યોદય પહેલાં વાતાવરણમાં શાંતિ તથા તાઝગી હોય, ને મંદ મંદ પવન બધેથી વાતો હોય, ત્યારે આસનોનો અભ્યાસ કરી શકાય છે. એ સમય વિશેષ ઉપયોગી ગણાય છે. બીજો અનુકૂળ સમય સાંજનો છે. એ વખતે પણ વાતાવરણ અનુકૂળ હોય છે.

આસનોનો અભ્યાસ સ્નાન કરીને પણ કરી શકાય ને સ્નાન કર્યા સિવાય પણ કરી શકાય. જેવી જેની પ્રકૃતિ અથવા જેવી જેની અનુકૂળતા. છતાં પણ, ઠંડીના દિવસોમાં સવારે સ્નાન કર્યા વિના ને ગરમીના દિવસોમાં સ્નાન કર્યા પછી આસન કરવાનું વધારે ફાવશે તથા ઉચિત લેખાશે.

### લાભ

આસનો આમ તો ચોરાસી કહેવાય છે. પરંતુ ચોરાસી આસનોના અભ્યાસની આવશ્યકતા સૌને નથી હોતી. સ્વાસ્થ્યને માટે ઉપયોગી. યોગ્ય આસનો શીખવાથી જરૂરી હેતુ સરી રહે છે. એવાં આસનો આ પ્રમાણે છે : પદ્માસન, બદ્ધ પદ્માસન, સુષુપ્ત પદ્માસન, સર્વાંગાસન, પશ્ચિમોત્તાનાસન, ધનુષાસન, હલાસન, મયૂરાસન, મત્સ્યેન્દ્રાસન, વજ્રાસન, ઉષ્ટ્રાસન, ભૂજંગાશન, શીર્ષાસન. એમાં શીર્ષાસનને આસનોનો રાજા કહેવામાં આવે છે ને સર્વાંગાસનને પ્રધાન. શીર્ષાસન અત્યંત લાભકારક છે. એથી સમસ્ત

શરીરને લાભ થાય છે અને મગજ તથા આંખને સૌથી વધારે લાભ થાય છે. મસ્તકના પ્રદેશમાં એને લીધે લોહીનો સંચાર થાય છે અને નવી સ્ફૂર્તિ, નવી તાઝગી, ને નવી ચેતના ફરી વળે છે. મગજની ગરમી એથી ઓછી થાય છે. વાળ કાળા થાય છે તેમજ અવનવી શાંતિનો આસ્વાદ મળે છે. નેત્રોની જ્યોતિ પણ વધે છે. સર્વાંગાસન મુખ્યત્વે પેટને માટે ફાયદાકારક છે. એને લીધે મળદોષ દૂર થાય છે. પાચનશક્તિ વધે છે ને વાયુજન્ય વિકારોમાંથી મુક્તિ મળે છે. પદ્માસન નાડીશુદ્ધિમાં મદદરૂપ થાય છે, તેમજ જપ ને ધ્યાન જેવી અંતરંગ સાધનાની ક્રિયામાં સહેલાઈથી સુખપૂર્વક બેસવામાં સહાયતા કરે છે.

આસનો એકલા શરીરને જ અસર પહોંચાડે છે કે શરીરને જ લાભ પહોંચાડે છે એવું નથી સમજવાનું. કેટલાક લોકો એમ માને છે કે આસનો કેવળ શારીરિક શક્તિ કે સ્વાસ્થ્ય સુધાર માટે જ છે અને એનાથી આગળના વિકાસની સાથે એમને કાંઈ જ લાગતું વળગતું નથી, પરંતુ એમની એ માન્યતા બરાબર નથી. શરીર, મન અને આત્મા ત્રણે એકમેકની સાથે સંકળાયેલાં છે, અને એકની શુદ્ધિ–અશુદ્ધિ કે શક્તિ–અશક્તિની અસર બીજા પર પડે છે. એ દૃષ્ટિથી જોતાં, આસનોની અસર શરીર પર થવાની સાથે સાથે શરીરની અંદર રહેલા મન પર પણ પડે છે જ. એટલા માટે આસનો કેવળ શરીર સુધારણાની કસરત નથી, પણ મનને સ્વસ્થ તેમજ મજબૂત બનાવવા માટેની પ્રાણવાન પ્રક્રિયા છે. આત્માની ઉન્નતિમાં એમનો ફાળો એમની પોતાની રીતે ઘણો મહત્ત્વનો છે.

આસનોનો લાભ પુરુષોની પેઠે સ્ત્રીઓ પણ લઈ શકે છે ને સ્ત્રીઓને માટે પણ એ એટલાં જ ઉપયોગી છે એ ખાસ યાદ રાખવાનું છે.



# પુરુષસૂક્ત

મહેન્દ્રકુમાર મો. દેસાઈ

ભારતીય દર્શન એ એક વિશાળ વ્યાપક સંજ્ઞા છે. એનો ચિન્તન પ્રવાહ સંપૂર્ણ સ્વયંપર્યાપ્ત પુરાતન છતાં અધુનાતન છે. પ્રાચીન–અર્વાચીન સકલ જ્ઞાનરાશિનું ઉદ્‌ગમ-સ્થાન એવા વેદમાં માનવમનનું મહત્તમ આધ્યાત્મિક સત્ય પ્રકટ થયેલું છે.

ઋગ્વેદસંહિતામાં મોટા ભાગનાં સૂક્તોમાં ઇન્દ્ર, વરુણ, અગ્નિ, ઉષસ્, સવિતૃ વગેરે દેવ-દેવીઓનાં વિશેષ લક્ષણો અને પરાક્રમોનો નિર્દેશ કરાયો છે. એ દેવદેવીઓને યજ્ઞમાં નિમંત્રણ પણ અપાય છે. એ સંહિતાનો મોટો ભાગ યજ્ઞ સાથે સંકળાયેલો છે. તે કાળની પ્રજા તે દેવદેવીઓને કેવળ પૃથક્ યજ્ઞયાજ્ય સત્ત્વો તરીકે જ માનતી ન હતી પરંતુ એક જ પરમ વ્યાપક ऋत् કે सत् તત્ત્વમાં ભિન્ન ભિન્ન સ્વરૂપો રૂપે માનતી હતી એવો સ્પષ્ટ ઉલ્લેખ ૧૦ મા મંડળમાં ઋષિએ કરેલો છે.

પરમ તત્ત્વની ઓળખ ઉપરાંત સૃષ્ટિની ઉત્પત્તિ અને ઉત્ક્રાન્તિનું સાંગોપાંગ આલેખન કરનાર બે સૂક્તો સમગ્ર વિશ્વસાહિત્યનાં સર્વોત્કૃષ્ટ ઉદાહરણો છે. બંને ૧૦ મા મંડળમાં છે. એક છે. पुरुषसूक्त (૯૦) અને બીજું છે. ना सदीय सूक्त (૧૫૯)

પુરુષસૂક્તમાં કુલ ૧૬ મંત્રો છે. તેના પ્રથમ ત્રણ મંત્રોમાં ઋષિએ આર્ષ વાણીમાં પરમ વિરાટ પુરુષનો મહિમા

ગાયો છે. સહસ્ર એટલે કે અસંખ્ય–અનંત શીર્ષ–નેત્ર–ચરણ-વાળો પુરુષ વિશ્વને બધી બાજુથી ઘેરીને તે પોતે દશાંગુલ ઊંચોઅદકો રહ્યો. વર્તમાન, ભૂત અને ભાવિ આ બધું પુરુષ જ હોઈ તે અમૃતતત્ત્વનો અને અન્નથી પોષાતા મર્ત્યનો પણ ઈશ છે. આ વિશાળ વિશ્વ એ પુરુષની જ વિભૂતિ છે; પણ પુરુષ પોતે તો એથી પણ મોટો છે. સકલ વ્યક્ત વિશ્વ એ પુરુષના એક પાદરૂપ છે. તેના ત્રણ ( અવ્યક્ત ) પાદ તો દ્યુલોકમાં અમૃતરૂપે છે.

આ ત્રણ મંત્રો નીચેની મહત્ત્વની બાબતો પર પ્રકાશ નાખે છે.

૧. પરમ તત્ત્વ જડ નહીં પણ પુરુષ એટલે ચેતનરૂપ છે.

૨. સમગ્ર વિશ્વ એ પુરુષ તત્ત્વમાંથી ઉત્પન્ન થયું છે.

૩ પણ પરમ બ્રહ્મતત્ત્વે તેમાં પોતાના સર્વાખિલ સ્વરૂપ-ને સંવૃત્ત કર્યું નથી. સંવૃત્ત થયેલો ભાગ તો પરમતત્ત્વના એક અલ્પ અંશ જેવો છે. તેણે પોતાનો દશાંગુલ જેટલો ભાગ તો એમ ને એમ અનાવૃત્ત–અનામત રાખ્યો છે.

૪ વળી જેટલું સ્વરૂપ સંવૃત્તિને પામ્યું તેનો માત્ર એક ચતુર્થાંશ ભાગ (પાદ) જ વિશ્વરૂપે અભિવ્યક્તિ પામ્યો હોઇ બાકીના ત્રણ પાદ તો દ્યુલોકમાં અવ્યક્ત–અમૃત રૂપે–રહેલા છે. તાત્પર્ય કે પરમ તત્ત્વ પુરુષ વિશ્વમાં અનુસ્યૂત immanent છે તેમજ વિશ્વથી પર વિશ્વાતીત (transcendent) પણ છે.

૫. પોતાના સ્વરૂપનો ત્રણ ચતુર્થાંશ ભાગ હજુ વિકાસ કે અભિવ્યક્તિ પામવાનો છે. એટલે કે અત્યાર સુધી સંવરણ પામેલો પુરુષ જ્યાં સુધી પરિપૂર્ણપણે પ્રકટ ન થાય ત્યાં



સુધી સૃષ્ટિના વિકાસક્રમની પ્રક્રિયા ચાલુ જ રહેશે.

૬. વળી આ સૂક્ત એ પણ સૂચવે છે કે સંવરણ (involution) વિના ઉત્ક્રાન્તિ (evolution) શક્ય નથી. અનાદિ કાળથી જે કાંઇ હતું, છે અને હવે હશે તે કેવલ પુરુષ ("સર્વં ખલ્વિદં બ્રહ્મ") જ છે. આ સઘળો તે બ્રહ્મનો જ આવિર્ભાવ છે. પ્રત્યેક આવિર્ભાવમાં બ્રહ્મનું સંવરણ છે. પદાર્થ બ્રહ્મ છે, પ્રાણ–જીવન બ્રહ્મ છે, મન–બુદ્ધિ પણ બ્રહ્મ છે. જે અનુસ્યૂત છે તેજ ઉત્ક્રાન્તિમાં આવિર્ભૂત થાય છે. જો પ્રાણ અને મન જડ પદાર્થમાં અંતર્હિત ન હોય તો તે કદાપિ આવિર્ભાવ પામ્યાં ન હોત. ઉપનિષદના ઉત્ક્રાન્તિ-વિચારનું બીજ આ પુરુષસૂક્તમાં રહેલું છે. બ્રહ્મ એવું નિષ્ક્રિય ચેતન (Being) નથી કે જેમાંથી સંભૂતિ (Becoming) ની શક્યતાનું નિરસન થતું હોય. વાસ્તવમાં તો બ્રહ્મ પોતે જ વિશ્વનું નિમિત્ત અને ઉપાદાન એમ 'અભિન્ન નિમિત્તોપાદાન' કારણ છે. જડ પદાર્થમાં બ્રહ્મનું સંવૃત્ત થવું એ એની પ્રવૃત્તિ–પ્રગતિ છે, અને પોતાના તરફ તેનું ક્રમશઃ પાછું વળવું એ એની નિવૃત્તગતિ છે. સંવરણ એ એનો તિરોભાવ છે અને ઉત્ક્રાન્તિ એ સ્વનો આવિર્ભાવ–સાક્ષાત્કાર છે. આને જ એક પશ્ચિમના ચિન્તકે 'સ્વગૃહપ્રત્યાગમન' Home Return Journey કહ્યું છે. મહર્ષિ અરવિંદે સરસ કહ્યું છે કે In involution spirit becomes matter and in evolution matter tends to become spirit.

પુરુષસૂક્તના ૬ થી ૧૦ મંત્ર સુધી સૃષ્ટિ પ્રક્રિયાને યજ્ઞ-સંસ્થા સાથે સાંકળી વિરાટ્ તત્ત્વમાંથી ઉત્પન્ન થયેલા પુરુષે વિશ્વના સર્જન–પાલન માટે કેવું ભવ્ય સમર્પણ કર્યું તેની વાત કરી છે અને પછી આવે છે વિરાટ પુરુષના શરીરનાં

મુખ, બાહુ, ઉરુ અને ચરણ એ ચાર પ્રધાન અંગોનાં પ્રતિનિધિ બ્રાહ્મણ (શિક્ષક) ક્ષત્રિય (રક્ષક), વૈશ્ય (પોષક) અને શૂદ્ર (સેવક) એ ચાર વર્ગોના સમન્વયની વાસ્તવિક વિભાવના. વાસ્તવિક એટલા માટે કે એ કવિ કલ્પના નથી પણ વ્યક્તિ-સમષ્ટિના શ્રેયને સૂચવતી યથાર્થતા છે. જગતના કોઈ સાહિત્યમાં આ વિભાવના નહીં મળે. આ ચારમાં કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. પગ પર જ ઉદર, પગ પર જ ઉદર અને સ્કંધ તથા પગ પર જ ઉરુ, બાહુ અને મસ્તક સંપૂર્ણ અવલંબન રાખે છે. એનો ગૂઢાર્થ એ છે કે જે વ્યક્તિના અને સમષ્ટિના જીવનમાં આ ચાર વર્ગનો સંપૂર્ણ સંવાદ સધાય છે તે વ્યક્તિ અને સમષ્ટિ એ ચારેયથી ઉપરના અપવર્ગ (શ્રેયસ્, મોક્ષ) ને પામવાને પાત્ર બને છે. દુનિયાના દરેક દેશમાં આજે આ ચાર મુખ્ય વર્ગોનો (પેટાજ્ઞાતિ કે વર્ણના સંકુચિત અર્થમાં નહીં) વૈજ્ઞાનિક ઢબે સ્વીકાર થઈ રહેલો જોવા મળે છે.

આ સિદ્ધાંતમાંથી એક આનુષંગિક સિદ્ધાંત પણ નિષ્પન્ન થતો જોવા મળે છે. તે એ કે કોઈ કામ હલકું નથી. ચરણ અને મસ્તક બંનેનાં કાર્યો ( functions ) નું મૂલ્ય જે તે કક્ષા પર સરખું છે. વૈદ્ય, વકીલ, વાળંદ, હરિજનને આ દૃષ્ટિએ સમાન ભૂમિકા પર મૂકવામાં ગાંધીજી અને પછીથી વિનોબાએ જે સામ્યયોગનો સિદ્ધાંત પુરસ્કૃત કર્યો એનું બીજ પણ પ્રથમ પુરુષસૂક્તમાં અને પછી ભગવદ્ગીતામાં મળે છે.

પૃથ્વી પરની ઉત્પત્તિ દર્શાવ્યા પછી ઋષિએ ૧૩–૧૪ મા મંત્રોમાં ઉપરના લોકોની સૃષ્ટિની ઉત્પત્તિ દર્શાવી છે.

"તે પુરુષના મનમાંથી ચન્દ્ર, ચક્ષુમાંથી સૂર્ય, મુખમાંથી ઈન્દ્ર અને અગ્નિ, પ્રાણમાંથી વાયુ, નાભિમાંથી અન્તરીક્ષ,



મસ્તકમાંથી આકાશ, પગમાંથી પૃથ્વી અને કર્ણમાંથી દિશાઓ ઉત્પન્ન થયાં."

અંતિમ બે મંત્રોમાં દેવો પણ યજ્ઞ દ્વારા જ સ્વર્ગની પ્રાપ્તિ કરી શકયા એમ જણાવી યજ્ઞના મહિમાનું પુનઃસ્થાપન કર્યું છે.

આમ પુરુષસૂક્ત ઋગ્વેદનું મૂર્ધન્ય સૂક્ત છે. એ સૂક્તમાં જ નિહિત રહેલો પૂર્ણબ્રહ્મનો મંત્ર પાછળથી ઉપનિષદમાં આલોક પામ્યો છે. તે છે:

पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

*

કરુણા કદી વેડફાતી નથી. જેના ભણી એ વહી હોય તેની પર એની કશી અસર ન થાય તો પણ એ વહાવનારને તો ફાયદો કરે જ છે.

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઈ કનેરીયા
**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧
ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ઓફિસ ૩૩૬૬૦

દાળનું આગળ આવ્યું

# પૂજ્ય શ્રીમોટા

પ્રા. રમેશ ભટ્ટ

તા-૪-૯-૧૯૯૮ ને દિને વડોદરા જિલ્લાના સાવલી ગામે એક ગરીબ રંગરેજ આશારામને ત્યાં જન્મેલા ચુનીલાલ ભગત "શ્રીમોટા" કેવી રીતે થયા એની કથા ભવ્ય અને પ્રેરક છે. આર્થિક ગરીબીને લીધે છેક જ બાળપણમાં જે અપમાન, અવહેલના, તિરસ્કાર વેઠવાનાં આવ્યાં તેથી એક એવો સંકલ્પ જાગ્યો કે આવું લાચારીભર્યું, નાલેશીભર્યું જીવન ન જીવવું, અને જીવનને એવું મહાન બનાવવું કે સૌ કોઈ આપણને નમતા આવે ! પરંતુ ગરીબીને લીધે શાળામાં જવાની મુશ્કેલી હતી.

હાલોલમાં નવી ઉઘડેલી એંગ્લો વર્નાક્યુલર શાળામાં ભણવા માટે એમણે એ જ શાળામાં પટાવાળાનું કામ સ્વીકાર્યું. ચુનીલાલે ભણવાની ઈચ્છા દર્શાવી એટલે એમને કામ કરતાં કરતાં ભણી શકાય એવી જોગવાઈ કરી અપાઇ. પણ ભણવા અંગેના બીજા ખર્ચને પહોંચી વળવા એમણે તો ફાજલ સમયમાં કામ કરવા માંડ્યું. ઈંટ પકવવાના ભઠ્ઠામાં હાથ દાઝી જાય એવી જોખમી કામગીરી કરવા માંડી. ખેતરમાં જઈને ધરુ રોપતા. કુટુંબ એટલું ગરીબ હતું કે ભરણપોષણની મુશ્કેલી હતી. આખો દિવસ વાંકા વળીને ધરુ રોપવાની કામગીરી કરવા છતાં મહેનતાણામાં માત્ર અડધો રોટલો મળતો ! આ દિવસને યાદ કરતાં કહેતા કે એ વખતે મને એક આખા રોટલાની ભૂખ રહેતી હતી ! આવી આકરી મજૂરી પણ એમણે ઉમંગથી કરી કેમકે દિલમાં ભણીગણીને "મોટા" થવાની ધગશ જાગી હતી. કુટુંબના



સભ્યોનું ભરણપોષણ કરવા માટે એમનાં માતા સૂરબા પણ સંપન્ન કુટુંબોમાં દળણાં-ખાંડણાંનું કામ કરતાં હતાં.

મોટામાં બાળપણથી ખુમારી, પ્રામાણિકતા અને નિષ્ઠા જેવા ગુણો હતા. પોતાને ગરીબ છોકરો ગણીને કોક કપડું પહેરવા આપે તો સામી વ્યક્તિના પ્રેમભાવનો આદરથી સ્વીકાર કરતા, પણ એ વસ્ત્ર પોતાનાથી કોક અધિક ગરીબના છોકરાને આપતા. કોઈપણ ચીજ મફતમાં મળી જાય એવી વૃત્તિ ક્યારેય નહિ સેવેલી. ગોધરામાં અનાજની દુકાને તોલાટ તરીકેનું કામ પ્રામાણિકતાથી કરતા. ખેડૂતોનું અનાજ જોખતાં વધારે તોલ દેખાડીને અનાજ વધારે કેવી રીતે પડાવી લેવું-એની યુક્તિ શેઠે શીખડાવેલી. પરંતુ તેઓ એવું કરતા નહિ. એક વખત ખેડૂત અને શેઠ વચ્ચે વિવાદ થતાં ફરીથી અનાજ તોલાયું તો તોલ બરાબર થયું. તો ચુનીલાલ પર ઉકળ્યા. પરિણામે ચુનીલાલે નોકરી ત્યજી પણ પ્રામાણિકતા ન ત્યજી.

કુટુંબને રાહત આપવા તથા ભણવા માટે પૈસા કમાવવા જવું પડે-એથી ભણવામાં વિઘ્ન આવ્યા કરતું. ધ્યેય પાર પાડવા એમણે હેડમાસ્તર સાહેબને વિનંતી કરી અને પોતે સખત અભ્યાસ કરવાની તત્પરતા દર્શાવી. હેડમાસ્તર સાહેબના માર્ગદર્શનથી ચુનીલાલે દોઢ વર્ષમાં ચાર ધોરણનો અભ્યાસક્રમ પૂરેપૂરો પાકો કર્યો એ રીતે એમણે અઢી વર્ષ બચાવ્યાં. પોતે મેટ્રિકમાં હતા ત્યારે પણ બધો જ અભ્યાસ પ્રિલિમિનરી પરીક્ષા પૂર્વે સૌ કરતાં પહેલાં પાકો કરી લીધો હતો. પરિણામે યોગાનુયોગે પ્રિલિમિનરી પરીક્ષા વખતે સખત માંદગી આવી ને લાંબો ગાળો પથારીમાં રહેવું પડેલું. છતાં મેટ્રિકની પરીક્ષામાં એ ઊંચા માર્ક્સ લઈને પાસ થયેલા.

એમણે નક્કી કરેલા ધ્યેયને હાંસલ કરવા સમયની પ્રત્યેક ક્ષણનો એ ઉપયોગ કરતા.

એક સ્નેહીની મદદથી એમણે વડોદરાની કોલેજમાં આગળ અભ્યાસ કર્યો. હોસ્ટેલમાં વિદ્યાર્થીસાથીઓ માટે ચા બનાવવાનું અને રૂમ સાફ કરવાનું કામ જાતે કરતા હતા અને પોતાના નિવાસથી અઢી-ત્રણ માઈલ દૂર આવેલી વૈષ્ણવ હવેલીમાં "પતરાળી" નું ભોજન કરવા જતા. કેમકે ત્યાં સાદુ છતાંય શુદ્ધ ભોજન ઘણી જ ઓછી કિંમતે મળતું હતું. આવતાં-જતાં ફૂટપાથ પર ચાલતાં ચલતાં અભ્યાસક્રમનું વાંચી લેતા હતા. આમ તો પોતાને માટે જેટલો થાય તેટલો ખર્ચ તો સ્નેહી તરફથી મળતો હતો. પરંતુ કોઈનોય પૈસો ગમે તેમ ખરચાય જ નહિ એવી એમની દૃઢ ભાવના હતી.

મિત્રો જ્યારે સિનેમા જોવા જતા ત્યારે મોટા માટે ટિકિટ લેતા આવતા અને મોટા એમની સાથે ફિલ્મ જોવા જતા. એક દિવસ એમને ફિલ્મ જોવાનું ઉત્કટ દિલ થયું. એટલે એ ચેત્યા. એમને થયું આવું આપણને ન પરવડે! આપણે તો જે ધ્યેય-કર્મ હાથમાં લીધું હોય એમાં જ સઘળું ચિત્ત રાખવાનું હોય! ત્યારથી એમણે મિત્રો સાથે ફિલ્મ જોવાનું માંડી વાળ્યું અને મન-ચિત્તની તમામ શક્તિઓને અભ્યાસમાં વાળી.

કોલેજનું એક વર્ષ પૂરું થવામાં હતું ત્યાં જ પૂજ્ય ગાંધીજીએ યુવાનોને કોલેજ ત્યાગ કરીને, ગામડામાં જઈને દેશની સેવા કરવાની હાકલ કરી. આ વખતે મોટાની ઉંમર તેવીસ વર્ષની હતી. ભણીગણીને મોટા માણસ બનવાની તમન્ના ધરાવતા આ યુવાન વિદ્યાર્થીની સામે એથીય ઉચ્ચ ધ્યેય આવીને ઊભું રહ્યું. પોતાને ભણાવવા આર્થિક સહાય



આપનાર સ્નેહી, ભાવિષ્યના સુખ સામે આશાની મીટ માંડીને બેઠેલા કુટુંબીજનો વગેરે શું વિચારશે-એમને કેવું લાગશે? એનો પણ વિચાર આવ્યો જ્યારે બીજી બાજુ એક વ્યાપક દેશહિત ખાતર આવી પડેલા પડકારને ઝીલી લેવાની તેના માટેની યૌવન સુલભ સાહસની વૃત્તિ પણ જાગી. એમણે કોલેજનો ત્યાગ કર્યો અને ૧૯૨૧માં-એ જ વર્ષમાં સ્થપાયેલી રાષ્ટ્રીય શાળા ગુજરાત વિદ્યાપીઠમાં ભાષાસાહિત્ય સાથે સ્નાતક થવા જોડાયા. આ સમયથી એમના જીવનમાં આકરો સંઘર્ષ આરંભાયો હતો. દર અઠવાડિયે "હરિજનબંધુ" વેચીને એમાંથી મળતા થોડાક પૈસાથી પેટ ભરી લેતા. ક્યારેક તો માત્ર ચણા-મમરા ખાઈને દિવસ પસાર કરી લેતા. કોક સગાસ્નેહી એમને મદદ કરવા તત્પરતા દર્શાવતા પરંતુ પોતે નક્કી કરેલા માર્ગે કોઈનીય સહાય વિના એમણે ડગ ભરવા માંડયાં. ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થવાના ત્રણ માસ પૂર્વે જ ગાંધીજીએ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને અસરકારક ઉદ્બોધન કર્યું અને મોટાએ આ ડિગ્રીનો મોહ ત્યજીને હરિજન સેવામાં ઝંપલાવ્યું.

ભવિષ્યમાં કોઈ પ્રલોભનથી આવરાઈને ધ્યેયથી વિમુખ ન થવાય એટલા ખાતર એમણે હાથમાં ગંગાજળ લઈને દેશની સેવા કરવાની પ્રતિજ્ઞા લીધી. હરિજન સેવા કરવાને લીધે સમાજના ઉજળિયાતોનો ત્રાસ વેઠવો પડતો. કુટુંબની કંગાળ આર્થિક સ્થિતિમાં પોતે સહાયભૂત ન થઈ શક્યા એથી મહેણાં-ટોણાં સાંભળવા પડતાં. ખૂબ જ ટૂંકા પગારમાં કુટુંબના સાત સભ્યોનું ભરણપોષણ કરવાની જવાબદારી અને આ બાજુ હરિજન સેવા દ્વારા દેશસેવાનું ઉગ્ર ઝનૂન હતું.-આવી ચારેકોરની ભીંસની વાત એ કોની આગળ વ્યક્ત

કરે ? આથી એમને ફેફરું થયું. આ રોગને લીધે એ ગમે ત્યારે બેભાન થઈ જતા. ગરીબીને લીધે દવા કે ઉપચાર કરાવવાના પૈસા નહોતા. કોક સાધુએ કહેલું કે "હરિઃ ૐ" "હરિઃ ૐ" કર્યા કર. તો રોગ મટી જશે. પણ આવી વાતો બુદ્ધિ સ્વીકારે નહિ. આવો રોગ તો સ્રીઓને થાય. વળી લાચારીભરી જિંદગીથી શો ફાયદો ? આવો એક વિચાર ઝબકી જતાં એમણે એક દિવસે આત્મહત્યા કરવા નર્મદાના કિનારે આવેલા ગરુડેશ્વરની ઊંચી ભેખડ પરથી નર્મદા નદીમાં પડતું મૂક્યું. પરંતુ દૈવયોગે નર્મદાના નીરના ઊંડાણમાંથી તેઓ બહાર ફેંકાઈ ગયા. આથી એમને લાગ્યું કે આ જીવન કોક વધુ ઊર્ધ્વકાર્ય માટે નિર્માયું છે.

૧૯૨૨ થી ૧૯૩૯ સુધી એમણે દિવસ દરમ્યાન હરિજન સેવાનું કાર્ય કર્યું અને રાત્રિ દરમ્યાન આધ્યાત્મિક જીવન માટેની સાધના આરંભી. રાત્રિ સ્મશાનવાસ કરી "હરિઃ ૐ"ના નામ સ્મરણ સાથે સર્વ દુઃખોના મૂળમાં રહેલા રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, ઇચ્છા, તૃષ્ણા, લોલુપતા, આગ્રહો, મડાગાંઠો વગેરે નિવારવાના સ્પષ્ટ હેતુથી એમણે આકરી સાધના કરી. દિવસ દરમિયાનનું હરિજનસેવાનું કાર્ય પણ પ્રભુની સેવાના ભાવથી કરવા માંડ્યું. સાધનાનો જે ભાવ જાગ્યો હોય એ કર્મ કરતી પળે જીવતો જાગતો રાખતા. આ રીતે અખંડ જીવન સાધનાના પરિણામે ૧૯૩૯માં રામનવમીના દિવસે તેઓશ્રીએ પોતાના હૃદયમાં પ્રભુનો, સચરાચરતાનો, સામર્થ્યનો અને સર્વના સાક્ષીપણાનો ભાવ અનુભવ્યો. સર્વ પ્રકારનાં સુખ-દુઃખોથી તેઓશ્રી નિર્લેપ બન્યા. ખરા અર્થમાં એ અમીર બન્યા.



પોતાના હૃદયમાં પ્રગટેલી ભાગવતી ભાવનાનો વ્યક્તિ અને સમાજજીવનમાં પ્રસાર કરવા માટે, ફરજરૂપે સ્વીકારેલી હરિજનસેવાના કાર્યમાંથી એ ફારેગ થયા અને જિજ્ઞાસુ વ્યક્તિઓને જાતે મથીને પોતાને જાણવા માટે "હરિઃ ૐ આશ્રમ"માં મૌન એકાન્તની સુવિધા કરી આપી. આ રીતે વ્યક્તિના આંતરિક રૂપાંતર દ્વારા સમાજજીવનમાં સુખશાન્તિનો માર્ગ એમણે પ્રેર્યો.

પરંતુ આપણો દેશ–આપણો સમાજ તો વિદ્યાર્થીઓ અને યુવાનોથી બેઠો થવાનો છે. કેમકે એમના અંતરમાં આદર્શો હોય છે, ભાવનાઓ હોય છે અને અપાર શકિતઓ થનગનતી હોય છે. એને પ્રગટ કરતા એને સક્રીય કરીને સાકાર કરવા, એમણે યુવાનોમાં રહેલાં સાહસ, ખમીર, સ્વાવલંબન, ખુમારી, ધ્યેયલક્ષિતા, પરાક્રમ, જેવા ગુણોને બિરદાવવાનું અને પ્રેરવાનું કાર્ય કર્યું. તરણ સ્પર્ધાઓ, પર્વતારોહણો, જંગલના પ્રવાસો, સાહિત્ય–ગણિત–વિજ્ઞાનના વિષયોમાં ઊંડા ઊતરવાના થતા પ્રયાસો, અભ્યાસ કરતાં કરતાં પોતાની જરૂરિયાત જેટલું કમાઈ લેવાની તમન્ના જેવાં વલણોને પ્રોત્સાહન મળે અને યુવાનોની–વિદ્યાર્થીઓની શકિતઓ બહાર આવે, એ માટે એમણે લાખો રૂપિયા સમાજ પાસેથી મેળવીને યોજનાઓ કરી છે

બહેનો સ્વમાની, બહાદૂર અને જીવનના કોઇપણ પ્રકારના દુઃખો સામે નીડર બને એ માટે મોટાએ યોજનાઓ કરી છે. પ્રજામાં રહેલી શક્તિઓ સ્વાર્થ માટે નહિ, પણ પરમાર્થે નિયોજાય તો ગરીબીનું મૂળ દૂર થાય એમ મોટાએ જોયું. એથી વિજ્ઞાનની બધી જ શાખાઓમાં, ઇજનેરી શાખાઓમાં એમણે સંશોધનો પ્રેર્યાં છે. સમુદ્રનું પાણી

પીવાના પાણીમાં રૂપાંતર થાય અને સસ્તાં અને ઉપયોગી મકાનો થઇ શકે એ માટે પણ એમણે યોજનાઓ પ્રેરી છે. દરેક વ્યકિત પોતપોતાની શકિતઓને રચનાત્મક માર્ગે પ્રગટાવે અને સમષ્ટિનું હિત વિચારે તો દેશમાં સાચો ધર્મ પ્રગટી શકે એમ મોટા માનતા હતા.

આવું વિરાટ કાર્ય લક્ષી બેઠેલા "મોટા" એ ૨૩ મી જુલાઇ ૧૯૭૬માં આનંદપૂર્વક પોતાનો દેહ ત્યજ્યો. એમણે પોતાના માટે કોઈપણ પ્રકારનું સ્થૂળ સ્મારક કરવાની અનિચ્છા દર્શાવી છે. પરંતુ છેક જ ગરીબ ગામના છોકરાંઓને ભણવા બેસવા શાળા માટે એક પણ ઓરડો નથી ત્યાં ઓરડો કરાવી આપવાની ભાવના વ્યકત કરી છે. આજે એમના દેહ ત્યાગના છ વર્ષ પછી ગુજરાતના પછાત ગામોમાં છ હજાર જેટલા પ્રાથમિક શાળાના ઓરડાઓ હરિઃ ૐ આશ્રમના લગભગ બે કરોડ રૂપિયાના ગ્રામફાળાના અર્પણથી થયા છે. પૂજ્ય શ્રીમોટાના હૃદયની કરુણા ભણવા મથતા ગરીબ બાળકના અંતર સુધી પહોંચી છે. એ દષ્ટિએ મોટા આજેય સર્વત્ર વ્યાપેલા છે.

———o———

## પરદેશના પ્રવાસે

પ. પૂ. મહાત્મા શ્રી. યોગેશ્વરજી તા. ૧૭-૧૧-૮૨ ના રોજ દક્ષિણ આફ્રિકાના પ્રવાસે પ. પૂ. માશ્રી સર્વેશ્વરી સાથે પધાર્યા છે. તેઓ ત્યાંથી ભારત પાછા પધારશે, ત્યારે અધ્યાત્મના વાંચકોને તેની જાણ કરવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી છે.



## સમર્પણ

મને સાથે રાખો (૨)
શ્યામ સુંદર ભગવાન
સદા મને શાંતિ આપો.

પ્રભુદ્વારે સદા કાજ પહેરો ભરું,
નિત્યસેવક બનીને સેવા કરું.
દિવ્યદર્શન પામી ધન્ય બનું...મને.

પ્રેમપૂજાનું પાવનપુષ્પ બનું,
પ્રભુચરણોની નિર્મલ ધૂલિ બનું,
મારા દેવોના દેવ એક તમને ગણું...મને.

મને પળ પણ છૂટી કરશો નહીં,
સરિતાને સમાવજો સાગર મહીં.
એવી અંતરતમથી અરજી ધરું...મને

—સર્વેશ્વરી.

## "જગમાં જીતે છે!"

જેણે શોધ્યો 'યોગેશ્વરજી' નો સાથ; જગમાં જીતે છે!
જેણે ઝાલ્યો હરિ કેરો હાથ; જગમાં જીતે છે! ટેક.

જેણે જીવનની નાવ એને સોંપી દીધી,
પ્યાલી ભક્તિ-સુધા-રસ કેરી પીધી;
જેનો સહાયક ત્રિભુવન-નાથ; જગમાં જીતે છે!

મોહ, મદ, મત્સરને મનથી હણે,
કામ-ક્રોધાદિ શત્રુ પોબારા ગણે;
રામ રાખે જેની જગે લાજ; જગમાં જીતે છે!

ટાળી મમતા ને સમતા હૈયામાં ધરે,
ક્ષણે-ક્ષણે ચિંતન પ્રભુજીનું કરે :
કાલ કરવાનું કરે જે આજ; જગમાં જીતે છે!

જેણે તન-મન-ધન હરિ-ચરણે ધર્યું,
કામ કરવાનું સાચું જગતમાં કર્યું,
લીધો 'જગદીશ' જીવનમાં સંગાથ; જગમાં જીતે છે!

જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી)



## જટાળો જોગી

ગગન ગુફામાં બેઠો જટાળો જોગી
શૂન્યમાં શબ્દ જગાવે
જટાળો કોઇ આકાશે જ્યોત જગાવે...

નામ નહીં રૂપ એને વાણી નહીં સૂર
એ તો અનહદ જંતર બજાવે...

શત સો જોજન લાંબી જોગીની જટા
માંહીં અટવાયા ચૌદ ભૂવન
અંબરના પટ કેરી પોતડી પ્હેરીને
બાવો ત્રિભુવને ધૂમ મચાવે...

સોઽહમ્‌ના નાદે ગજવે ધરતીને આભ
એના પડઘા અનંત આરે ઊભરે
સતની સિંદૂરી રેખા તાણીને
ઘેલો ઘટ ઘટ અલખ ચેતાવે...

ચાંદાને સૂરજ એના ચરણોને ચાંપતા
સૂરતા સમાધિ રંગ મ્હોલે
પાતાળ પદ્મમણી માથે ચડાવી
બાવો જ્યોતમાં જ્યોત મિલાવે...

–આશા ત્રિવેદી

## ધન્ય થાવા દે

ગળું મોકળું મૂકીને ગોવિંદ ! ત્હારા
ગીત મને તું ગાવા દે
પુનિત પ્રીતના ગંગાજળમાં-
મન મૂકીને ન્હાવા દે...
ગીત-ગળું...

સુંદર ત્હારા રૂપની દુનિયા
સુંદર ત્હારા સ્વરની દુનિયા
સુંદર ત્હારા સ્વાદની દુનિયા
સુંદર ત્હારા નાદની દુનિયા
સુંદરતામાં જાવું સમાઈ
પ્રીત પિંજર પુરાવા દે
ગીત-ગળું...

સ્વરમાં શોધું શ્યામ સુંદરને
ગીતમાં ગોતું ગોવિંદાને
બંસીધરને બધી દિશામાં
મનહર બાલ મુકુંદને
'જ્યોતિ' પ્રભાને આ જન્મારો
ધન્ય જગતમાં થાવા દે
ગીત-ગળું...

પ્રભાવતીબહેન પજવાણી



## ધન્ય જીવન

દેહધારણથી દૈવી જનતા લાભ પામતી
જીવ્યાથી જેમના પામે સુખ ને શાંતિ માનવી,

છાયા સંતપ્તને અર્પે, તેજ રેલે તમિસ્રમાં,
પિપાસુને ધરે પાણી મીઠી પરબ જે બની;

આધાર અન્યને માટે બની શ્રેષ્ઠ સનાતન
સર્જે નરકમાં સ્વર્ગ જંગલે ઘોર મંગલ.

ભૂલેચૂકે બગાડે ના કોઇનું સ્વપ્નમાંય ને
સુધારે બગડેલાને, પ્રાણ દે મૃતપ્રાયને;

આશીર્વાદસમા એવા આત્માઓ વરદાન શા
વિભુના, એમના સ્પર્શે પૃથ્વી પાવન થાય આ

જવાથી જેહના પામે પીડા કે શોક માનવી
રડે મૃત બને એવી જિંદગી ધન્ય જાણવી.

તમે એમજ જીવીને તિરોધાન થયાં બની
સાફલ્ય જન્મનું સાધ્યું મૃત્યુને ધન્ય ધરી.

—યોગેશ્વર

## આરઝુ

જો તું વાઘેશ્વરી સ્વરૂપે પધારે તો મા તને સાચી ગણું,
મારા અંતરનાં બારણાં ઉઘાડે તો મા તને સાચી ગણું.

હીરા માણેક જડ્યા મુકુટમાં શોભતી,
કંઠે મોતીમાળા, ને કુંડળથી ઓપતી,
નેત્ર કરુણાની વર્ષા વરસાવે તો મા તને સાચી ગણું...
મારા.

કરમાં ત્રિશૂળ ધરી વરદ હસ્ત શિરે વળી,
અંગે અંગે મારા હર્ષ તણી હેલી ભરી,
મારાં નીરભર્યાં નયનો પમરાવે તો મા તને સાચી ગણું...
મારા.

નમણું સ્વરૂપ તારું સ્થિરતાથી ચિત્તે ધરું,
મધુરતમ માનું નામ અહોનિશ રટ્યા કરું,
મારાં ભવનાં બંધન નાંખે કાપી તો મા તને સાચી ગણું...
મારા.

દિલનો તલસાટ તારા હૈયાંને સ્પર્શવા,
પ્રાર્થના સરવાણી મારી ધોધરૂપે ઝીલવા,
મારા મનના ઉદ્વેગને શમાવો ઓ મા! હું તો અરજી કરું...
જો તું

બાબુભાઈ ન. મહેતા



## દાન

દાનું અગત્યનું

ફાધર વાલેસ

શેઠ ભીખ આપે છે—ભિખારીને દૂર કરવા માટે, મિલ માલિક દાન આપે છે—કરવેરામાંથી મુક્તિ મેળવવા માટે.

ડોશીમા ધર્માદા આપે છે—ભગવાનની પૂજા કરવા માટે.

મન તેવું કાર્ય.

હેતુ તેવું કર્મ.

ભાવના તેવું પુણ્ય.

ભિખારી શેઠને હેરાન કરે છે. એના કંગાળ શરીરનું દર્શન આંખને નડે છે. એનો કર્કશ અવાજ કાનને અભડાવે છે, માટે એના હાથમાં બે પૈસા નાખીને એને ચાલતો કરવામાં શેઠ ડહાપણ જુએ છે. આ દુનિયાનું ડહાપણ હશે, પણ ધર્મનું કામ તો નથી.

મૂડી આટલા લાખથી વધે તો કરવેરાનું ધોરણ આટલું વધે. સરકારને ન છૂટકે પૈસા આપવાને બદલે પોતાના નામની જાહેરાત કરવા ઇસ્પિતાલ બાંધવાનું મિલમાલિકની વેપાર બુદ્ધિ પસંદ કરે છે. એ વેપાર હશે કે આત્મજાહેરાત હશે, પણ સેવા કાર્ય તો નથી જ.

પુણ્યનો હિસાબ રૂપિયા પૈસામાં થતો નથી. કેટલું આપ્યું એ નહીં પણ શા માટે આપ્યું, કઈ રીતે આપ્યું, ક્યા હેતુથી આપ્યું એ પ્રશ્ન પૂછવાનો છે.

દાન આપતી વખતે હાથમાં શું હતું એ નહીં પણ દિલમાં શું હતું એ જોવાનું છે.

માણસોની નજર ચેકમાં લખેલી રકમ ઉપર જાય છે. પણ અંતર્યામી ભગવાન તો હૃદયના ભાવો તપાસે છે.

એક ડૉક્ટર દર્દીઓની દવા કરે છે પૈસા કમાવા માટે, બીજો નામના મેળવવા માટે ને ત્રીજો સેવા કરવા માટે. કામ તો એનું એ જ દુનિયાની દૃષ્ટિએ; પણ ભગવાનના દરબારમાં એના જુદા જુદા હિસાબ નોંધાય છે. અને એનું વળતર પણ જુદા જુદા ચલણમાં અપાય છે. સોનામાં, રૂપામાં કે ત્રાંબામાં અને સોનાનો એક કણ પણ ત્રાંબાના ઢગલા કરતાં કીમતી છે. એ દુનિયા પણ કબૂલ કરે છે. ઉત્તમ પરિણામ તો ત્યારે આવે કે જ્યારે જ્યારે ઢગલો થાય અને તે સોનાનો થાય. આપણો રોજનાં કાર્યોનો ઢગલો સોનાનો બનાવવાની જડીબુટ્ટી આપણા હૃદયમાં જ છે.

કામ એનાં એ જ. પણ એની પાછળની ભાવના જુદી જુદી

દ્રવ્યના અણુ પરમાણુઓ એના એ જ. પણ તેને એક બીજાની આસપાસ ફરતા મૂકનાર શક્તિ જુદી.

તીર ઊંચે ઊડે એ માટે આંખથી અને દિલથી ઊંચું નિશાન તાકવું જોઈએ.



# દર્શન ક્યારે ફળે

દાણું આગળાનું

પિનાકીન જાની

અધ્યાત્મ માર્ગે પગલાં માંડનાર સાધકે ધર્મનું સાચું મૂલ્યાંકન કરતાં શીખવાની ને સમજ કેળવવાની આવશ્યકતા છે. જો એ આવડી જાય તો આપણી દૃષ્ટિ સમ્યક રહે ને નીરક્ષીર વિવેક આપણામાં જાગૃત થાય. વ્યવહારમાં આપણે ઘણીવાર જોઈએ છીએ કે માણસો વસ્તુનું યથાર્થ મૂલ્યાંકન કરવાની શક્તિ ધરાવતા ન હોવાથી, અયોગ્ય વસ્તુઓને કારણવગરનું મહત્ત્વ આપી બેસે છે. ધર્મના ક્ષેત્રમાં પણ આવું જ બને છે. જો આપણામાં ધર્મ વિષેની સાચી ને સુસ્પષ્ટ સમજ હશે તો ધર્મના વિવિધ અંગો વિશે પણ આપણે યથાર્થ મૂલ્યાંકન કરી એને આવશ્યકતા અનુસાર જ મહત્ત્વ આપશું. આપણામાં જો નીરક્ષીર વિવેક જાગ્રત નહિ હોય તો ધર્મને સ્થાને કોઈ ભળતી જ બાહ્યાચાર જેવી કે ઉપરછલ્લી પ્રક્રિયાને ધર્મ માની બેસી—એના આચરણમાં જ સંતોષ માની, સાચા જ્ઞાન ને સમજથી વંચિત રહી જઈશું.

મંદિરમાં જઈ આપણે ભગવાનની મૂર્તિનું દર્શન તો કર્યું. પણ મનમાં કોઈ ભાવ ન હતો. એટલે માથું યંત્રવત્ નીચું નમ્યું. માની લીધું કે આપણે પ્રભુનાં દર્શન કર્યાં. મનમાં સંતોષ થયો. સમાજમાં આસ્તિક કહેવરાવવા માટે આ જરૂરી છે, ને આપણે તે કર્યું. ક્રિયા થઈ પણ ભાવ વગરની. આપણે હાજરી પૂરાવી પ્રભુએ એ પૂરી કે કેમ—એ તો એ જાણે!

વળી ભગવાનનાં દર્શન કરતાં, સહજ સંસ્કારગત હાથ

ગજવામાં ગયો. બરાબર ચકાસીને ખાત્રી કરી લીધી કે દસ નવા પૈસાનો સિક્કો જ હાથમાં આવ્યો છે. બહાર કાઢી, ધીમેથી દાન માટે રાખેલી પેટીમાં નાંખ્યો. નાંખતાં નાંખતાં આડી આંખે આસપાસ જોઈ લીધું કે આપણે જે પૈસા નાંખીએ છીએ, તે બીજા કોઈ દર્શનાર્થી જુએ છે કે કેમ?–પછી ખાત્રી થઈ કે પાસે ઊભેલા ત્રણચાર ભાવિકોએ એ જોયું છે. એટલે આપણે નાસ્તિક નથી ને ખાલી હાથે મંદિરે નથી આવતા એની કોઈકે નોંધ લીધી છે, એ વિચારે સંતોષ થયો. પછી ભલેને પેલા ભાઈ આપણને ઓળખતાય ન હોય. માણસનું મન કેવું વિચિત્ર છે! એ પોતાના માટે કંઈ કરે, ફરજ તરીકે કંઈ કરે, તેના કરતાં સમાજ કે લોકોની બીકે કે પ્રશંસા પામવા કેટકેટલું કરતો હોય છે!

સાચો ધર્મ તો શીખવે કે શ્રદ્ધાપૂર્વક પ્રભુના મંદિરમાં જાઓ ને પ્રેમ ને શ્રદ્ધાપૂર્વક પ્રભુને વંદન કરો. તમારા અહંને એમના ચરણોમાં આળોટવા દો. ઇષ્ટદેવની મૂર્તિ ચિન્મય છે એવી જીવંત શ્રદ્ધા સાથે તમારા દિલમાં ઊઠતા ભાવો તેની સમક્ષ સરળભાવે વ્યક્ત કરો. એ માટે મોઢેથી બોલવાની કોઈ જરૂર નથી, કારણ કે પ્રભુ તો અંતરયામી છે. તમારા દિલમાં ઊઠતા હરેક ભાવ, તરંગ ને વિચારને એ જાણે છે. પછી વાણીથી બોલવાની આવશ્યકતા ક્યાં રહી? તમે એ પણ દરકાર ન કરી કે તમારી બાજુમાં કોણ ઊભું છે. તમે તો તમારા ભાવમાં ને વિચારમાં મસ્ત છો. મંદિર એ સાધુસંતો, અનાથો ને ગાયોનું આશ્રય સ્થાન છે. એમાં આપેલ પૈસા સદ્‌માર્ગે જ ખરચાય, જરૂરિયાતવાળાને એ સહાય પહોંચાડે. એટલે ગજવામાં હાથ નાંખી, જે હાથમાં આવ્યું તે છાનેમાને બાજુમાં મૂકેલી પેટીમાં નાંખી દીધું. બાજુ પર જોયું તો



ખરું. પણ મનનો ભાવ જુદો હતો. કે 'હું આપું તે મારી ફરજના ભાગરૂપે આપું છું'. એમાં બીજા ન જુએ તો સારું' એ ભાવથી જોયું–જોવાઇ ગયું.

મંદિરમાં દર્શન કરેલી પ્રભુની મૂર્તિને મનમાં ધારણ કરી. સામે હતી ત્યાં સુધી ધારી ધારીને જોઇ, ને એના એકે એક અંગો ઉપાંગો નીરખી લીધાં, કહો કે આત્મસાત્ કરી લીધાં. હવે એ મૂર્તિ માત્ર મંદિરની મૂર્તિ ન રહી. એ મનમાં પણ વસી ગઈ. આંતરૂમનમાં સ્થપાઈ ગઈ. આંખ બંધ કરતાં જ એ મનની આંખ આગળ તરવા લાગી. એ જોતાં જ મન પ્રસન્નતાથી ભરાઇ ગયું. મનમાં આનંદ વ્યાપી ગયો. થયું કે હવે જલદી આંખ ન ઉઘાડવી પડે તો સારું. આમાં કોઇ વ્યાવહારિક વિક્ષેપ ન આવે તો કેવું સારું? મંદિરના દેવ હવે તમારા અંતરમાં આવીને વસી ગયા. કરેલું દર્શન સફળ થઇ ગયું. એ દર્શન થતાં જ મનમાં ઊઠતા બીજા વિચારો આપોઆપ અદૃશ્ય થઈ ગયા. એ માટે કોઇ પ્રયાસ ન કરવો પડ્યો. ધારણા એ મૂર્તિમાં થઇ ગઈ. ધ્યાન આપોઆપ સધાઈ ગયું. કહો કે મંદિરમાં કરેલા દર્શનનું એ ફળ મળી ગયું. પ્રભુએ એની નોંધ અવશ્ય લીધેલી, નહિ તો અંતરમાં એ આવે જ નહીં.

# વિનય પત્રિકા ને તુલસીદાસજીની ભક્તિ

પ્રા. શશીકાન્ત કોન્ટ્રાકટર

(ગતાંકથી ચાલુ)

સ્મરણ:–ભક્તિમાં ભગવાનના નામ રૂપ તથા ગુણ વગેરેનું સતત સ્મરણ આવશ્યક હોય છે. વિનયપત્રિકાના નિમ્નલિખિત પદમાં સ્મરણનું ચિત્રણ છે.

"સુમિરૂ સનેહ સોં તૂ નામ રામ રાયકો
સબલ નિસબલકો, સખા અસહાયકો
ભાગ હૈ અભાગેહૂકો, ગુન ગુનહિનકો"

અર્થાત્ તું રાજા રામનું નામસ્મરણ પ્રેમથી કર. એ જ નિરાધારનો આધાર છે, અસહાયનો સખા છે તથા અભાગિઓનું સદ્ભાગ્ય છે તથા ગુણહીનનો ગુણ છે. આ સિવાય પણ બીજાં કેટલાંયે પદો છે જેમાં નામ સ્મરણનાં મહત્ત્વને સંસાર યાત્રાના સાફલ્ય તથા અધ્યાત્મની ચરમ ઉપલબ્ધિના સંદર્ભમાં સ્વીકારવામાં આવ્યું છે. એક પદ (પદ નં ૧૨૮) માં સ્મરણને જપ, તપ, તીર્થ, યોગાભ્યાસ અને સમાધિ કરતાં ઉત્તમ માનવામાં આવ્યું છે.

"જપ તપ, તીરથ યોગ, સમાધી. કલિ મત્તિ–વિકલ
ન કછુ નિરુપાધી. કરત હું સુકૃત ન પાપ, સિસહીં ।
રક્તબીજ જિમિ બાઢત જાહીં,
હરતિ એક અઘ–અસુર–જાલિકા. તુલસીદાસ પ્રભુ–કૃપા
કાલિકા



અર્થાત્ જપ, તપ, તીર્થ, યોગ, સમાધિ આદિ સાધનો કલયુગમાં બુદ્ધિ સ્થિર ન હોવાથી વિઘ્નરહિત નથી. પુણ્યકાર્યથી પણ પાપોનાશ થતાં નથી. પરંતુ રક્તબીજ રાક્ષસની જેમ વધે છે. પારરૂપી રાક્ષસોના સમૂહનો નાશ પ્રભુકૃપારૂપી કાલિકા વડે જ થશે.

વન્દન:–વંદન શબ્દનો પ્રયોગ ભકિત સાહિત્યમાં પ્રણામ કે સ્તુતિના અર્થમાં કરવામાં આવે છે. 'વિનય પત્રિકાના ઘણા પદોમાં વન્દનનું સ્વરૂપ વાસ્તવિક અર્થમાં વ્યકત થયું છે. ઉદાહરણરૂપે વિનયપત્રિકાના પૂર્વાર્ધના સ્તુતિ–પદોને લઇ શકાય. જેમાં શ્રીગણેશ, સૂર્ય, શિવ, ભૈરવ, દેવી, ગંગા યમુના, કાશી, ચિત્રકૂટ, હનુમાનજી, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, સીતા તથા રામની વંદના કરવામાં આવી છે. આ પદોમાં ભકતના શ્રદ્ધાળુ હ્રદયનું સમર્પણ વ્યકત થયું છે તેમજ ઉપરોકત દેવી દેવતાઓ તથા સ્થાનનું મહાત્મ્ય નજરે પડે છે. ઉદાહરણાર્થ વિનયપત્રિકાના નિમ્નલિખિત પદમાં ભગવાન શંકરના ઔદાર્ય મહિમાનું વર્ણન કેટલું સુંદર છે!

"દેવ બડે, દાતા બડે, સંકર બડે ભોરે
કિયે દૂર દુઃખ સબનિ કે, જિન જિન કર જોરે–૧–
બેગિ બોલિબલિ બરજિએ, કરતતિ કઠોરે
તુલસી દલિ રૂંધ્યો ચહૈં, સઠ સોખિ સિહોરે–૪–

અર્થાત્ હે શંકર આપ મહાદેવ છો. અત્યંત દાની તથા ભોળા છો. જેમણે જેમણે હાથ જોડ્યા, આપે તેમના દુઃખો દૂર કર્યાં. ૧

આપ આ કઠોર કર્મો કરનારને જલ્દી બોલાવી ધમકાવો છો

# વિનય પત્રિકા ને તુલસીદાસજીની ભક્તિ

પ્રા. શશીકાન્ત કોન્ટ્રાકટર

(ગતાંકથી ચાલુ)

સ્મરણઃ-ભક્તિમાં ભગવાનના નામ રૂપ તથા ગુણ વગેરેનું સતત સ્મરણ આવશ્યક હોય છે. વિનયપત્રિકાના નિમ્નલિખિત પદમાં સ્મરણનું ચિત્રણ છે.

" સુમિરૂ સનેહ સોં તૂ નામ રામ રાયકો
સબલ નિસબલકો, સખા અસહાયકો
ભાગ હૈ અભાગેહૂકો, ગુન ગુનહિનકો "

અર્થાત્ તું રાજા રામનું નામસ્મરણ પ્રેમથી કર. એ જ નિરાધારનો આધાર છે, અસહાયનો સખા છે તથા અભાગિઓનું સદ્ભાગ્ય છે તથા ગુણહીનનો ગુણ છે. આ સિવાય પણ બીજાં કેટલાંયે પદો છે જેમાં નામ સ્મરણનાં મહત્ત્વને સંસાર યાત્રાના સાફલ્ય તથા અધ્યાત્મની ચરમ ઉપલબ્ધિના સંદર્ભમાં સ્વીકારવામાં આવ્યું છે. એક પદ (પદ નં ૧૨૮) માં સ્મરણને જપ, તપ, તીર્થ, યોગાભ્યાસ અને સમાધિ કરતાં ઉત્તમ માનવામાં આવ્યું છે.

" જપ તપ, તીરથ યોગ, સમાધી. કલિ મત્તિ-વિકલ
ન કછુ નિરુપાધી. કરત હું સુકૃત ન પાપ, સિસહીં ।
રકતબીજ જિમિ બાઢત જાહીં,
હરતિ એક અઘ-અસુરજાલિકા. તુલસીદાસ પ્રભુ-કૃપા
કાલિકા



અર્થાત્ જપ, તપ, તીર્થ, યોગ, સમાધિ આદિ સાધનો કલિયુગમાં બુદ્ધિ સ્થિર ન હોવાથી વિઘ્નરહિત નથી. પુણ્યકાર્યથી પણ પાપોનાશ થતાં નથી. પરંતુ રકતબીજ રાક્ષસની જેમ વધે છે. પાપરૂપી રાક્ષસોના સમૂહનો નાશ પ્રભુકૃપારૂપી કાલિકા વડે જ થશે.

વન્દનઃ-વંદન શબ્દનો પ્રયોગ ભકિત સાહિત્યમાં પ્રણામ કે સ્તુતિના અર્થમાં કરવામાં આવે છે. 'વિનય પત્રિકાના ઘણા પદોમાં વન્દનનું સ્વરૂપ વાસ્તવિક અર્થમાં વ્યકત થયું છે. ઉદાહરણરૂપે વિનયપત્રિકાના પૂર્વાર્ધના સ્તુતિ-પદોને લઇ શકાય. જેમાં શ્રીગણેશ, સૂર્ય, શિવ, ભૈરવ, દેવી, ગંગા યમુના, કાશી, ચિત્રકૂટ, હનુમાનજી, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, સીતા તથા રામની વંદના કરવામાં આવી છે. આ પદોમાં ભકતના શ્રદ્ધાળુ હૃદયનું સમર્પણ વ્યકત થયું છે તેમજ ઉપરોકત દેવી દેવતાઓ તથા સ્થાનનું મહાત્મ્ય નજરે પડે છે. ઉદાહરણાર્થ વિનયપત્રિકાના નિમ્નલિખિત પદમાં ભગવાન શંકરના ઔદાર્ય મહિમાનું વર્ણન કેટલું સુંદર છે !

"દેવ બડે, દાતા બડે, સંકર બડે ભોરે
કિયે દૂર દુઃખ સબનિ કે, જિન જિન કર જોરે-૧-
બેગિ બોલિબલિ બરજિએ, કરતતિ કઠોરે
તુલસી દલિ રૂંધ્યો ચહૈં, સઠ સોખિ સિહોરે-૪-

અર્થાત્ હે શંકર આપ મહાદેવ છો. અત્યંત દાની તથા ભોળા છો. જેમણે જેમણે હાથ જોડ્યા, આપે તેમના દુઃખો દૂર કર્યાં. ૧

આપ આ કઠોર કર્મો કરનારને જલ્દી બોલાવી ધમકાવો છો

કારણ કે એ લોકો તુલસીદાસરૂપી તુલસીના છોડને છુંદીને એની જગ્યાએ સહોરના વૃક્ષને રોપે છે. ૪

દાસ્ય-દાસ્યભાવની ભક્તિની ચર્ચા આ પહેલાં આવી ગઈ છે, છતાં વિનયપત્રિકામાંથી દાસ્યભક્તિનું એક સુંદર ઉદાહરણ જોઇ લઇએ:-

જાનકી જીવન, જગજીવન, જગત્ હિત,
　　જગદીશ, રઘુનાથ, રાજીવલોચન રામ.
સરદવિધુવદન, સુખશીલ, શ્રીસદન
　　સહજ સુન્દર તનુ, સોભા અગનિતકામ-૧-
સકલ વિશ્વ વંદિત, સકલ સુર સેવિત
　　આગમ-નિગમ કહે શવરેઈ ગુનગ્રામ
ઇહૈ જાનિકૈ તુલસી તિહારો, જબ ભયો
　　ન્યારો કૈ ગનિબો જહાગને ગરીબ ગુલાબ-૩-

અર્થાત્ હે રામજી, આપશ્રી જાનકીના જીવન, વિશ્વના પ્રેમ પ્રાણ, જગતનું કલ્યાણ કરનાર, રઘુકુલનાથ તથા કમળનયન છો. આપનું મુખ શરદપૂર્ણિમાના ચંદ્રસમાન છે તથા સુખ આપવું એ આપના સ્વભાવમાં છે. આપનું શરીર સુંદર છે જેની શોભા અસંખ્ય કામદેવો સમાન છે. "આખું વિશ્વ તમને વંદે છે. બધાદેવતાઓ તમારી સેવા કરે છે અને બધા વેદો આપના ગુણોનું ગાન કરે છે. આ બધું જાણીને તો તુલસીદાસ આપનો ગુલામ થયો છે. પછી તમેજ કહો તમે એને અળગો ગણુશો કે પછી ગરીબ ગુલામોમાંનો એક સમજશો ?

પ્રસ્તુત પદમાં ઇષ્ટદેવના, સર્વથી શ્રેયસ્કર અને બધાથી મહાન રૂપનું વર્ણન કરવામાં આવ્યું છે અને પોતાને તુચ્છ-



થી પણ તુચ્છ ગણી સેવકના રૂપમાં વ્યક્ત કરવામાં આવેલ છે. એટલા માટે જ આ પદને દાસ્યભાવનું ઉત્કૃષ્ટ ઉદાહરણ માની શકાય: જો કે દાસ્યભાવનું આલેખનકરનાર બીજાં પદો પણ છે

સખ્યભાવ:-ગોસ્વામીજીની ભકિત મોટે ભાગે દાસ્યભાવની જ છે એટલે સખ્યભાવનું વર્ણન નગણ્ય જ છે. સખ્યભકિતમાં ભગવાનને બંધુ કે સખાના રૂપમાં ગણુવામાં આવે છે. વિનયપત્રિકામાં જ્યાં ઇષ્ટદેવશ્રી રામ પ્રત્યે આક્રોશ પ્રગટ કર્યો છે ત્યાં 'વિશ્વાસ સખ્ય' નો ભાવ વ્યકત થયો છે. દાખલા તરીકે:-

"જાનિ પહિચાનિ મૈં બિસારે હૌં કૃપાનિધાન
　　એતો માન ઢીઠ હૌં ઉલટિ દેત ખોરિ હૌં
કરત જતન જાસોં જોરિબે કો જોગી જન,
તાસો કયોં હજુરી, સો અભાગો બૈઠો તોરિ હૌં"

અર્થાત્ કે કૃપાનિધાન ! મેં જાણીજોઇને તમને ભૂલાવી દીધો છે અને અભિમાનમાં છકીને તમારોદોષ કાઢું છું. જેની સાથે પ્રેમનો સંબંધ બાંધવા મોટામોટા યોગીજનો યજ્ઞો કરે છે, એમની સાથે જેમ તેમ પ્રીતિ બંધાયેલી તેને હું કમભાગી તોડી બેઠો."

આત્મનિવેદન:-આત્મનિવેદનમાં ભકત ભગવાનને સંપૂર્ણ રીતે સમર્પિત થઇ જાય છે ભગવાનના શરણમાં તે સદંતર ચિંતામુકત થઇ જાય છે. શરણાગતિના છ પ્રકાર બતાવવામાં આવ્યા છે. ( ૧ ) ભગવાન પ્રત્યે અનુકૂળ રહેવાનો સંકલ્પ ( ૨ ) પ્રતિકૂળતાનો ત્યાગ ( ૩ ) ભગવાન રક્ષા કરે છે એવો વિશ્વાસ ( ૪ ) રક્ષક ભગવાનને વરવું ( ૫ ) આત્મ સમ-

ર્પણુ ( ૬ ) કાર્પણ્ય અથવા દૈન્ય. વિનયપત્રિકામાં શરણાગતિની આ બધી અવસ્થાઓનું વર્ણન છે.

૧ ભગવાન પ્રત્યે અનુકૂળ રહેવાનો સંકલ્પઃ–
"જાનકી જીવનકી બલિ જૈ હૌં
ચિત્ત કહે રામ–સીયપદ પરિહરિ અબ ન કહૂં ચલિ જૈ હૌં.

૨ પ્રતિકૂળતાનો ત્યાગઃ–
"જાકે પ્રિય ન રામ વૈદેહી
તજીએ તારિ કૌટિ બૈરી સમ જદ્યપિ પરમ સનેહી."

જેને સીતારામ પ્રિય ન હોય તે પરમ સ્નેહી હોય તો પણ તેનો દુશ્મનની જેમ ત્યાગ કરવો જોઇએ.

૩ ભગવાન રક્ષા કરે છે એવો વિશ્વાસઃ–
"હૈં કાકે દ્વૈ સીસ ઇસકે જો હઠિ જનકી સીંવ ચરૈ
તુલસીદાસ રઘુવીર સદા અભય કાહૂન ડરૈં."

અર્થાત્ કોના બે માથાં છે જે ભગવાનના ભક્તની સીમાનું ઉલ્લંઘન કરી શકે? તુલસીદાસ કહે છે જેને રઘુવીર શ્રી રામનું બાહુબળ મદદ કરે છે તે જ સદા નિર્ભય છે, તે કોઇથી યે ડરતો નથી.

૪ રક્ષકભગવાનને વરવું:–
તાહિ તૈ આયો સરન સબેરે.
"યહ જિય જાનિ રહૌં સબ તજિ રઘુબિર ભરોસે તેરે
તુલસીદાસ પર બિપતિ બાંગુરો તુમ્હીસોં બને નિબેરે."
અર્થાત્ તેથી તો તમારે શરણે આવ્યોછું.

આ વાતને હ્રદયમાં રાખી હે રઘુનાથજી, બધું છોડી તમારે શરણે આવ્યો છું. તુલસીદાસજીનું આ વિપત્તિ



રૂપી જાળ તમારાથી જ કપાશે.

(૫) આત્મસમર્પણુઃ–
અબ રઘુનાથ સરન આયોજન, ભવ–ભયવિકલ ડર્યો.
તુલસીદાસ નિજ ભવનદ્વારક પ્રભુ, દીજૈ રહન પર્યો.

અર્થાત્ હવે તો હે રઘુનાથ, ભવસાગરના ભયથી વ્યાકુળ તથા ભયભીત બનેલ દાસ તમારે શરણે આવ્યો છે. આ તુલસીદાસને તમારા ભવનના દરવાજા પર પડ્યો રહેવા દેજો.

(૬) દૈન્યઃ–"માધવ મો સમાન જગમાહીં.
તુમ સમ હેતુ રહિત કૃપાલુ આરતહિત ઇસ ન ત્યાગી
મૈં દુખ સોક વિકલ કૃપાલુ કેહિ કારન દયાન લાગી."

અર્થાત્ તમારી જેમ અકારણ કૃપા કરનાર, દીન દુખિયાના હિત માટે સર્વસ્વનો ત્યાગ કરનાર, સ્વામી બીજા કોઇ નથી. છતાં પણ હું દુઃખ–શોકથી વ્યાકુળ થઈ રહ્યો છું. હે કૃપાળુ! તમને દયા કેમ નથી આવતી?

આપણે જોયું કે આચાર્ય શુકલજીના મતાનુસાર ગોસ્વામી તુલસીદાસજીની ભક્તિ–પદ્ધતિ મુખ્યત્વે પ્રપત્યાત્મક (શરણાગતિયુક્ત) છે અને એમાં શંકાને જરાયે સ્થાન નથી કે વિનયપત્રિકામાં ખાસ કરીને આત્મનિવેદનના પદોમાં આ પ્રકારની ભક્તિ જોવા મળે છે. છતાં પણ ભક્તિના અન્ય પ્રકારોનો સમાવેશ પણ વિનયપત્રિકામાં થયો છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે વિનયપત્રિકામાં ભક્તિભાસ્કર શ્રીતુલસીદાસજીની ભક્તિરૂપી મંદાકિની કલકલ નાદ કરતી વહે છે. તેમાં ભક્તોને પાવન ગંગાસ્નાનની અનુભૂતિ થયા વિના રહેતી નથી. એમાં ભક્તિનું એવુ તો અનુપમ હ્રદયગ્રાહી સ્વરૂપ મૂર્તિમાન થયું છે જેને લીધે તે અસંખ્ય ભાવિક ભક્તોના હૈયાંનો હાર બની છે.

# સંતની દિવ્ય દૃષ્ટિ

ઘણું અગત્યનું

બી. સી. ચાંગેલા

શ્રીરંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ ગાંધીનગરના ઉપક્રમે પ. પૂ મહાત્મા યોગેશ્વરજીના "ભક્તિયોગ" ઉપરનાં પ્રવચનો તા. ૭–ઓકટો.થી તા. ૧૫–ઓકટો. દરમ્યાન પંચ દેવ મંદિર, ગાંધીનગરમાં યોજવામાં આવેલ.

પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીનું પ્રવચન તા.૧૨–૧૦–૮૨ ના રોજ રાત્રિના ૮–૦૦ કલાકે પૂરું થઇ ગયું હતું. તે જ દિવસે રાત્રિના ૮–૦૦થી ૮–૪૦ દરમ્યાન મા સર્વેશ્વરીનો વાર્તાલાપ ગોઠવવામાં આવેલ. વાર્તાલાપ બાદ રાત્રિના આશરે ૯–૦૦ કલાકે પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી તથા મા સર્વેશ્વરી તેમના ઉતારા ઉપર પાછા ફર્યાં હતા. ઉતારો સેકટર નં. ૧૯ બ્લોક નં જી ૧૫૧માં રાખવામાં આવ્યો હતો. અમે ઘરે જવાની તૈયારી કરતા હતા. ત્યાં બે અજાણ્યા ભાઇઓ અમારી પાસે આવ્યા અને જણાવ્યું કે અમે અમદાવાદથી આવીએ છીએ અને અમારે મહાત્માજીનાં ફકત દર્શન કરવાં છે. આથી બંને ભાઇઓને હું મહાત્માજીના ઉતારા ઉપર લઈ ગયો. દરવાજામાં જ શ્રી બાબુભાઇ વ્હોરા અને શ્રી નારાયણ-ભાઇ જાની, સામે મળી ગયા. મેં તેઓને અમદાવાદથી આવેલ બંને ભાઇઓની ઈચ્છા જણાવી. તેઓએ જણાવ્યું કે મહાત્માજી રાત્રે કોઇને મળતા નથી એટલે અત્યારે મહાત્મા-જીનાં દર્શન કરી શકશે નહીં. આ વાર્તાલાપ નીચે દરવાજા ઉપર ચાલતો હતો તે દરમ્યાન અમારા આશ્ચર્ય વચ્ચે મહા-ત્મા યોગેશ્વરજીએ અચાનક અગાસીમાં આવી દર્શન આપતાં જણાવ્યું કે ભકતો પોતાની દર્શન કરવાની ઈચ્છા પૂરી કરી



શકે છે." અમદાવાદથી આવેલ ભાઇઓને તેમજ અમોને પૂ. મહાત્માજીના દર્શનથી ખૂબ આનંદ ને આશ્ચર્ય થયું. અમદાવાદથી આવેલ બંને ભાઇઓને પૂ. મહાત્માજીએ ઉપર અગાસીમાંથી જ જણાવ્યું કે "મારાં પ્રવચનો તા.૧૫·૧૦-'૮૨ સુધી ગાંધીનગરમાં છે. તમે બપોરના ૧૨–૩૦થી ૧૩–૩૦ દરમ્યાન મળી શકશો."

ગાંધીનગરમાં આવેલ 'જી' ટાઇપના મકાનમાં દરવાજા અને મકાન વચ્ચે ખાસ્સું અંતર છે. તેથી દરવાજા ઉપરનો વાર્તાલાપ મહાત્માજીને સંભળાઈ શકે એમ ન હોવા છતાં આ એક ચમત્કારિક બનાવ સર્જાયો અને અમદાવાદથી આવેલ ભક્તોની દર્શન કરવાની ઇચ્છાને સંતે પૂર્ણ કરી.

સંતની દિવ્ય દૃષ્ટિ તે આનું નામ. સંત પોતાના ભકતની ઇચ્છા પોતાની દિવ્ય દૃષ્ટિથી જાણીને તેની પૂર્તિ માટે કેટલી સંભાળ રાખે છે! તે ઉપરના પ્રસંગ ઉપરથી અમે પ્રત્યક્ષ અનુભવ્યું. આ દિવ્ય પ્રસંગને યાદ કરતો કરતો હું મારા ઘેર પાછો ફર્યો.

# પ્રકાશના પંથે

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## ખેચરીનો પ્રયોગ-અને એક અજ્ઞાત મહાપુરુનું સાક્ષાત્દર્શન.

બદરીનાથના મંદિરમાં કોઇ કોઈ વાર નાથ સંપ્રદાયના સાધુ પણ આવતા. નાથ સંપ્રદાય પણ બહુ પ્રાચીન અને ભગવાન શંકરના નામ સાથે સંકળાયેલો છે. મત્સ્યેન્દ્રનાથ ને ગોરખનાથ જેવા મહાપુરુષોથી સુશોભિત બનેલો એ સંપ્રદાય વધારે ભાગે યોગસાધના પર ભાર મૂકે છે. યોગ તેનો પાયો અને પ્રાણ છે. ષટ્ક્રિયા ને ખેચરી મુદ્રાને તે સારું મહત્વ આપે છે અખંડ યૌવન, અખંડ આરોગ્ય, મૃત્યુજંયપણું ને લોકોત્તર શકિતની પ્રાપ્તિ તેનું મુખ્ય પ્રેરકબળ છે.

મંદિરમાં આવતા નાથ સંપ્રદાયના એક યુવાન સાધુ સાધનામાં રસ લેતા. તેમને ખેચરી ક્રિયાનો અભ્યાસ કરવાની ઇચ્છા હતી. મને પણ ખેચરી પર પ્રેમ હતો. વેદબંધુ ખેચરીમાં પારંગત હતા. ખેચરી ઇચ્છાનુસાર સમાધિ માટે મદદરૂપ હતી. તેથી તેનો પ્રયોગ કરવાની મને ખાસ ઇચ્છા થઈ. મેં વેદબંધુને વાત કરી. તે પ્રેમથી બોલી ઊઠયા : "તમારે વળી ખેચરીનું શું કામ છે ? અનુભવની આટલી ઊંચી અવસ્થાએ પહોંચ્યા પછી ખેચરીની કાંઇ જ જરૂર નથી. છતાં તેનો અનુભવ કરીને જિજ્ઞાસાને સંતોષવા સારું તેનો પ્રયોગ કરવો હોય તો હું તૈયાર છું. મારી ના નથી."

તેમની સંમતિ મળવાથી મને સંતોષ થયો. બજારમાં જઇને તે કાતર ને જરૂરી સામગ્રી લઇ આવ્યા. જીભ ટૂંકી ને લાંબી બે જાતની હોય છે. લાંબી જીભને સર્વ જીહ્વા કહે છે.



તે જીભને બહાર કાઢીને તે નાક પર સહેલાઈથી લગાડી શકે છે. તેમને ખેચરી કરવામાં ખાસ મુશ્કેલી પડતી નથી. પરંતુ ટૂંકી જીભવાળાને મુશ્કેલી પડે છે. એટલે જીભની નીચેની નાડી કાપીને તેને લાંબી કરવી પડે છે. વેદબંધુએ એક દિવસ બપોરે મારી જીભની નીચેની નાડી કાતરથી કાપી નાખી, તેના પર સિંધવ, મીઠું, હરડેનું ચૂર્ણ તથા કાથાને દબાવી દઈને મને આરામ કરવા કહ્યું. તે પછી તેમના કહ્યા પ્રમાણે મેં બે વાર ક્રમે ક્રમે જીભની નીચેની બીજી નાડી કાપી હતી, તે વિશે વધારે ઉલ્લેખ આગળ પર કરીશું.

છેવટે ટિહરીથી ઋષિકેશનો મોટર વ્યવહાર શરૂ થયો. વેદબંધુના વારંવારના આગ્રહથી હું તેમની સાથે ઋષિકેશ જવા તૈયાર થયો.

ઋષિકેશમાં ભગવાન આશ્રમ એક સુંદર સ્થાન છે. તે વખતે ભગવાન આશ્રમમાં વલ્લભદાસ નામે એક ભાટિયા રહેતા. એમના આગ્રહને માન આપીને રાતે એમની ઓરડીમાં જ સૂઈ રહેવાનું મેં નક્કી કર્યું.

એ દિવસોમાં રાતના પાછલા પહોરમાં મેં ગાયત્રી જપ કરવાની ટેવ પાડેલી. રોજના એક હજાર જપ કરવાનો મારો નિયમ હતો. એક રાતે જપની સંખ્યા અર્ધી થઇ હશે તે વખતે મારી દૃષ્ટિ મારી સામેની દિવાલ પર પડી તો મારા આશ્ચર્યનો પાર રહ્યો નહીં.

મારાથી ચારેક હાથ દૂર દિવાલ હતી. તેની ને મારી વચ્ચે, મારાથી લગભગ ત્રણેક હાથ દૂર એક મહાપુરુષ બેઠેલા. ઓરડીમાં બધે જ અંધારું હતું. પણ તે મહાપુરુષ સ્પષ્ટ દેખાતા હતા. મને ખબર હતી ને એકવાર ફરી ખબર પડી કે મહાપુરુષો અને સિદ્ધોની શકિત અજબ હોય છે. પ્રકૃતિ પર તેમનો કાબૂ હોવાથી તેઓ ઇચ્છાનુસાર ગમે ત્યાં પહોંચી-

ને પ્રવેશી શકે છે.

તે મહાપુરુષે દૂધ જેવાં સફેદ વસ્ત્રો પહેરેલાં. આંખો બીડેલી. વદન ખૂબ જ તેજસ્વી. તેમની મુખાકૃતિ પરથી તેમની ઉંમર ઘણી મોટી દેખાતી. છતાં તેમના ચહેરા પર વૃદ્ધાવસ્થાની સહેજ પણ છાયા ન હતી. તેમના હાથમાં મોટા મણકાની માળા હતી. મણકા ફેરવવાનો અવાજ ટક...ટક... એમ ધીમેથી આવતો હતો. તે પરથી તે ગાયત્રીમંત્રથી કોઈ ટૂંકા મંત્રનો જપ કરી રહેલા એવું અનુમાન કરી શકાતું. જમીનના આધાર વિના તે પદ્માસન વાળીને બેઠેલા. આવું દર્શન મારે માટે આ પહેલું જ હતું. કેટલાક વખત પછી મેં 'કાકા, કાકા' કહી વલ્લભદાસભાઇને બોલાવ્યા. તે ઊંઘમાં હતા એટલે કયાંથી બોલે? 'કાકા, કાકા' એમ ત્રીજીવાર કહીને છેવટે હું ખાટલા પરથી ઊભો થયો તે વખતે પેલા મહાપુરુષનું સ્વરૂપ તદ્દન ઝાંખું પડી ગયું ને તે અદૃશ્ય થઈ ગયા. તે વખતે કાકા બોલી ઊઠયા: 'કેમ, મને શું કામ બોલાવો છો?" મેં તેમની પાસે જઇને જોયું તો તે હજી મોઢે માથે કામળો ઓઢીને સુતેલા.

ખાટલા પર બેસીને મેં બાકીના જપ પૂરા કર્યાં.

સવારે સ્નાનાદિથી પરવારીને મેં વલ્લભદાસભાઇને મારા અનુભવની વાત કરીને કહ્યું : 'તમારી ઓરડી ખૂબ જ પવિત્ર લાગે છે."

તે બોલી ઊઠયા, 'ઓરડી પવિત્ર કે તમે પવિત્ર? ઓરડી પવિત્ર હોત તો તો હું તેમાં વરસોથી રહું છું. મને તો આવો અનુભવ કોઈ વાર નથી થતો.'

મેં કહ્યું : 'આપણી પવિત્રતા શી વિસાતમાં છે? સૌથી પવિત્ર તો પ્રભુ ને તેની કૃપા છે. તેના વિના આવો અનુભવ ના થઇ શકે."



'પણ મને જગાડયો હોત તો હું પણ તે મહાત્માનું દર્શન કરી લેત ને?' તેમણે ફરીયાદ કરી.

'તમને જગાડવા પ્રયાસ કર્યો પણ તમે જાગ્યા જ નહીં.'

તે જાગતા હોત તો પણ શું? મહાપુરુષોની એ વિશેષતા છે કે એક ઓરડીમાં ગમે તેટલા માણસો બેઠેલા હોય તેમાંથી તે ધારે તેને જ દર્શન આપે છે, ને ધારે તેની સાથે જ વાત કરે છે, બીજાને તેની ખબર પડતી નથી

## પુસ્તક પ્રકાશન ભંડોળ

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનું હજુ કેટલુંક સાહિત્ય અપ્રકટ છે. આ સાહિત્ય તેમજ બીજા તેઓશ્રીનાં ઉપયોગી ને માંગ ધરાવતાં પુસ્તકોનું પુનઃ મુદ્રણ કરવાનું કામ ઘણું મોટું છે, ને તે માટે ઘણી મોટી મૂડીની આવશ્યકતા રહે છે. એથી આ માટે સર્વ મંગલ ચેરિટેબલ ટ્રસ્ટના એક ભાગ તરીકે 'પુસ્તક પ્રકાશન' માટેનું એક અલગ ભંડોળ કરવામાં આવ્યું છે. સારાં પુસ્તકોનું પ્રકાશન એ પણ એક સત્કર્મ જ છે. એ દૃષ્ટિએ એમાં, ભાઇબહેનો યથાશક્તિ સહાય આપી શકે છે. એ માટેની રકમો શ્રી બાબુભાઇ વોરા, ૩૧, ગવર્મેન્ટ સરવન્ટસ કો. ઓ. હા. સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯ ને સીધી મોકલવી.

આ ભંડોળમાં આપેલ સહાય નિયમ મુજબ ઇન્કમટેક્ષમાંથી બાદ મળે છે.

# શ્રી રવીન્દ્રનાથ ટાગોરના જીવનના બે પ્રસંગ

✓ ઘણું અગત્યનું

શ્રી મણિલાલ શાહ

૧

એકવાર મહાત્મા ગાંધી કલકત્તે ગયા હતા ત્યારે સાંજે રવીન્દ્રનાથ ટાગોરને મળવા જવાના હતા. પણ અચાનક મહાદેવ દેસાઈએ રવીન્દ્રનાથના મંત્રીને ફોન કર્યો, મહાત્માજી આપને મળવા આવવાના હતા પણ નબળાઈને લીધે મોટરમાં ચડતા ચક્કર આવ્યા ને પડી ગયા છે અને બેશુદ્ધ થઈ ગયા છે એટલે આવી નહી શકે અને રવીન્દ્રનાથને કહેશો ચિંતાનું કંઈ કારણ નથી.

મંત્રી કહે, 'નબળાઈ હતી તો બે દિવસ પછી આવવાનું રાખ્યું હોત તો પણ શી હરકત હતી? મહાદેવ દેસાઈ, "તમે બાપુનો સ્વભાવ તો જાણો તો છો. ગુરુદેવને મળવા આવવાનું વચન આપ્યું હતું કે તે દિવસે તેમને મળવા આવશે એટલે મળવા જવાના નિર્ણયમાં તેઓ મક્કમ હતા. જવાહરલાલે, સુભાષબાબુએ અને શરદબાબુએ પણ ન જવા માટે આગ્રહભેર કહ્યું તો પણ ન માન્યા.

આ ખબર જ્યારે રવીન્દ્રનાથને મળ્યા ત્યારે તેઓ બેચેન થઈ ગયા. બાપુજીની ચિંતા કરવા લાગ્યા. તે વખતે તેમની તબીયત પણ સારી નહોતી. તેઓ ત્યારે પ્રશાંતબાબુને ત્યાં કલકત્તામાં 'બેલઘરિયા' રહેતા હતા. તેઓ બીજે માળે રહેતા ને તેમને ખુરશીપર બેસારી ઉપર લઈ જવામાં આવતા.



પણ તેમણે મંત્રીને કહ્યું, 'મારે અત્યારે જ મહાત્માજીને મળવા જવું છે.'

મંત્રી હાકાબાકા થઈ ગયા. મંત્રી કહે, 'તમારી તબીયત સારી નથી અને નબળાઈ પણ ઘણી છે.' એમાં જો તમને ત્યાં કંઈ થયું તો તેઓ બધા મુશ્કેલીમાં મુકાઈ જશે. એના કરતાં એમ કરો કે તમારો સંદેશો લઈને એક માણસ મોકલીએ અને તે મહાત્માજીના ખબર કાઢી આવે.

કવિ ભારે નારાજ થઈ ગયા ને કહ્યું, 'નકામી વાત છોડો. જલ્દી મોટર મંગાવી દે. હું જવાનો જ.'

એટલે શરદબાબુને ફોન દ્વારા જણાવી દીધું કે રવીન્દ્રનાથ મહાત્માજીની ખબર કાઢવા રવાના થયા છે.

શરદબાબુને ત્યાં ગુરુદેવ પહોંચ્યા ને ખુરશીમાં બેસારી ગાંધીજીને મળવા મેડી ઉપર લઈ ગયા. એમની પાસે ઘણીવાર બેઠા. ગાંધીજી ગદ્‌ગદ્ થઈ ગયા અને કહે, આવી અશક્ત હાલતમાં આપ ન આવ્યા હોત તો સારું હતું.

ગુરુદેવે તેનો કંઈ જવાબ ન આપ્યો. ગાંધીજીની ખબર અંતર પૂછી થોડીક વાતો કરી રવાના થયા.

પાછા ફરતી વખતે પોતાના મંત્રીને કહે, 'હાશ, હવે શાંતિ થઈ' ટાગોર દુર્બળ છતાં પ્રસન્ન હતા.

મંત્રી કહે, 'પણ શરદબાબુને ત્યાં તમને કંઈક થયું હોત તો તેઓ કેવા મુશ્કેલીમાં મુકાઈ જાત?'

ગુરુદેવ કહે, 'તમે હજી સુધી મને ઓળખી શક્યા નથી. વળી સતત પાસે રહો છો તેથી મને સારી રીતે ઓળખો છો એનો અહંકાર કરો છો પણ તમે મને ઓળખતા જ નથી.

જો હું મન ઉપર લઉં તો, દેહ ભલેને દુર્બળ હોય, પણ બધી દુર્બળતાઓની પાર જતો રહું એવો છું. આજે મનને કઠણ કરીને જ નીકળ્યો હતો કે શારીરિક કમજોરીને જરાય મચક નહીં આપું. એટલે જ તું ધારે છે એવું કંઇ નથી બન્યું સમજ્યો.

( ૨ )

રવીન્દ્રનાથ ટાગોરે એક નિબંધ લખ્યો હતો ને તેની તાત્કાલિક નકલ કરવાની જરૂર હતી એટલે એક અધ્યાપકને તેની નકલ કરવા આપ્યો. પરંતુ અધ્યાપક નિબંધ ટેબલ ઉપર મૂકી સ્નાન કરવા ગયા. એમને એમ કે સ્નાન કર્યા પછી કરી નાખીશ. જ્યારે સ્નાન ને ભોજન પતાવીને એક વાગે અધ્યાપક પાછા આવ્યા ને પોતાના ટેબલ પર મૂકેલો નિબંધ હાથ ન આવ્યો એટલે ગુરુદેવના રૂમમાં ગયા. ત્યારે ગુરુદેવ કંઇ લખવામાં મગ્ન હતા.

અધ્યાપકે સંકોચાતા સંકોચાતા પૂછ્યું, 'સવારનો આપનો નિબંધ.........

રવીન્દ્રનાથ કહે, એની નકલ મેં કરી નાખી છે અને નકલ દેખાડી પાછા લખવા મંડી પડ્યા.

ગુરુદેવમાં આળસ તો નામનીયે નહોતી. બીજાને કામ સોંપવામાં પણ તેઓ કદી રાજી નહોતા પણ વૃદ્ધાવસ્થામાં બીજાને સોંપતા ખરા. પરંતુ ક્યાંય તૂટિ દેખતા તો તે માટે ઠપકો ન આપતા. પોતે જ સુધારી લેતા ને સર્વને એવી રીતે જાગ્રત કરી દેતા.

---



# મારો અનોખો અનુભવ

કિરીટ ત્રિવેદી

"લોકોત્તરાણાં ચેતાંસિ કો હિ વિજ્ઞાતુ મર્હતિ" (લોકોત્તર એટલે કે મહાન વિભૂતિઓનાં અંતઃકરણને કોણ જાણી શક્યું છે?) એમ ભગવાન રામ વિષે કહેવાયું છે પણ સત્ય માત્ર પયગંબરોમાં જ નહિ પણ માનવદેહમાં વસીનેય પોતાનો સાક્ષાત્કાર કરનારને લોકોત્તરની કક્ષાએ મૂકી દે છે.

મહામાનવો તો ભારતના પ્રાંતે પ્રાંતે પરમાત્માએ મોકલ્યા છે. એ મહામાનવોએ બહુજન હિતાય–બહુજન સુખાય પોતાનું જીવન ભારતની સંસ્કૃતિના બહુવિધ વિકાસ માટે સમર્પિત કર્યું છે. એવા મહામાનવોની પરંપરામાં પૂજ્ય સંત શ્રી આશારામજી અગ્રિમ છે. તેવા યુગ પુરુષોના તપ ને શ્રેયસ્કર કાર્યોથી ધરતી માતા નિશ્ચિત છે.

પ્રકૃતિની રમ્ય ગોદમાં સાબરમતીથી થોડેક દૂર મોટેરા ગામની નજીકમાં બ્રહ્મનિષ્ઠ પૂ. સંતશ્રી આશારામજીનો પુનિત આશ્રમ છે. હું અવારનવાર તે આશ્રમે જાઉં છું અને સંતની પુનિત પ્રસાદીરૂપ તેમની અમૃતવાણીનો લાભ મેળવું છું, તેને મારું પરમ સદ્ભાગ્ય માનું છું.

એવી એક રમણીય સંધ્યાએ હું મારાં પત્ની–બાળકો સાથે ગયો હતો. સત્સંગીઓ, ભાવિકો અને શ્રદ્ધાળુઓ ત્યાં મોટી સંખ્યામાં આવેલા, મંદ મંદ પવન લહરીઓ વૃક્ષોનાં પાંદડાંની ચાળણીમાંથી ગળાઇને આવતી હતી. સામે પૂ સંતશ્રી આશારામજી વાગ્ધારાનું અમૃત રેલાવી રહ્યા હતા. સૌનાં મન અને હૃદય એકતાન બન્યાં હતાં. કોઇ મધુર વાજિંત્રના તારસપ્તક પર મધુર રાગિણી રેલાય ને

શ્રોતાઓ મંત્રમુગ્ધ બની ડોલે તેમ સંતશ્રીનું વાગામૃત સૌના મન, હૃદય અને આત્મામાં રેલાઈને પરમ આનંદ વહાવતું. હતું. જીવન અને તેની પેલી પારનાં સત્યો સંતજીની વાણીમાં પ્રસ્ફુટ થઈ રહ્યાં હતાં.

સાંજ આથમીને રાત પડી ગઈ. પરમ શાંતિ વિલસી રહી હતી ત્યારે સાંસારિક માયામાં વીંટળાયેલો હું મનમાં ઉચાટ અનુભવી રહ્યો હતો. હું એકલો આશ્રમે આવતો ત્યારે મને તો જો કે વહેલુંમોડું ઘેર આવવાની ચિંતા નહોતી રહેતી પણ એ દિવસે હું વહેલી સવારથી જ મારાં પત્ની -બાળકો સાથે નીકળી ગયેલો. તેઓ સંતશ્રીનાં દર્શન કરી એક બાજુ બેઠેલાં. મોડું થવાથી મોટર મોડી મળશે, ઘેર મોડા પહોંચાશે, રસ્તામાં અમુક વિસ્તાર કોલેરાવાળો આવે છે તેમાંથી પસાર થવાનું, તેમાંય એક બાળકને સાધારણ તાવ પણ હતો. આ બધા સંક્રામક વિચારોથી હું ઊંચોનીચો થવા લાગ્યો. પછી તો ચાલુ સત્સંગમાં જ હિંમત કરીને હું ઊભો થયો અને મારાં પત્ની-બાળકો તરફ જવા પગ ઉપાડ્યા, ત્યાં જ પૂ. સંતજીએ પોતાનો જમણો હાથ ઊંચો કરીને ઊંચા સાદે કહ્યું, 'બૈઠ, કહાં જાતા હૈ ? તૂં ક્યૂં જગત કી ફિકર કરતા હૈ ? સબ ઠીક હો જાયેગા. યહાં આકર ભી દુનિયા કી ફિકર મેં પડા રહતા હૈ ?" ક્ષણ ભર તો હું ક્ષોભ પામ્યો પણ છતાં એ ઠપકામાં નિર્મળ ગંગાજળ જેવી મીઠાશ અને પ્રેમ હતાં. તરત જ સંતજીને પ્રણામ કરી હું મારી જગ્યાએ બેસી ગયો.

પછી તો સંતજીના પ્રવચનમાં જગત, માયાનાં બંધનો, આસક્તિ અને દેહાધ્યાસ વગેરે બાબતો, ચર્ચાઇ અને મારા ચાલુ સત્સંગમાં ઊભા થવા અંગે પરોક્ષ રીતે પણ થોડોક ઉલ્લેખ થયો. થોડીવાર પછી પ્રવચનની અધવચમાં પૂ. સંતજીએ મને કહ્યું "આપ કો બસ પકડની હોગી તો જાના હો તો જા સકતે હૈં !" પણ હું તેમ ન કરી શક્યો. પ્રવચન પૂરું થયા બાદ પૂ સંતજીને પ્રણામીને સૌ પોતપોતાને ઘેર જવા પ્રવૃત્ત થયા. હું પણ સકુટુંબ ઘેર આવવા નીકળ્યો. પેલાં ડર, મૂંઝવણ, મોડું થવાની બીક, પત્ની-બાળકો અકળાઈ ગયાં હશે તેના વિરોધની શક્યતા ન નકારાય ! વગેરે તત્ત્વોએ ફરી માથું ઊંચું કર્યું. બને તેટલી ઝડપે મોટર સ્ટેન્ડે આવવા અમે નીકળ્યાં, સઘળે સૂનકાર છવાયો હતો, ઘેર જેમ બને તેમ જલદી-શકય તમામ ઝડપે જલદી જવાની ચિંતા ચિત્તને ચકાવે ચડી હતી.



એવામાં અમે રોડ પર આવ્યાં. જો કે એ પહેલાં કેટલીક ખાલી ભરેલી રીક્ષાઓ વાહનો પસાર થઇ ગયાં. એ વાહનો તરફ અમે લોલુપ નજરે આશા ભરી મીટ માંડી રહ્યાં હતાં. અમારી સાથે આગળ પાછળ ઘણાં જિજ્ઞાસુઓ અને સત્સંગીઓ પણ ચાલી રહ્યાં હતાં.

...ને પછી તો ગેબી ચમત્કાર થયો હોય તેમ એક ભાઇ તેમની કાર લઇને અમારી છેક નજીક આવ્યા અને પૂછ્યું, "તમારે કયાં જવું છે ?

"શાહપુર" મેં કહ્યું.

"જો કે મારે એ તરફ જવાનું નથી પણ તમને ઇન્કમટેક્ષ ઓફિસ આગળ ઉતારી દઉં તો વાંધો છે ?"

"અહીં આગળ બસ સ્ટેન્ડ સુધી મૂકી જશો તો પણ વાંધો નથી." મેં કહ્યું.

"ના, ના. હું તમને ઇન્કમટેક્ષ ઓફિસ સુધી લઈ જઇશ. આવો" ને તે ભલા ભાઇએ કારનું બારણું ખોલ્યું. અમે કારમાં ગોઠવાયાં.

ગણતરીની મિનિટોમાં જ અમે ઇન્કમટેક્ષ ઓફિસ આગળ

આવી ઊભાં. કારમાંથી ઊતરીને એ ભાઇનો હાર્દિક આભાર માન્યો.

અવકાશમાં ત્યારે એક ગેબી વાણીના પ્રતિધ્વનિ ગૂંજતા હતા : "સબ ઠીક હો જાયગા તૂં ક્યૂં ફિકર કરતા હૈ દુનિયા કી ?" એ ઠીક કરનાર પરમ શક્તિના વાહક લોકોત્તર સંત સિવાય બીજું કોણ હોઈ શકે ? મનુષ્યને દેવત્વ તરફ દોરવા શ્રદ્ધાના દિવ્ય પ્રકાશપુંજ રેલાવતા શ્રદ્ધેય આ સંતોને જન્મજન્માંતરનાં અભિવાદન ઘટે.

### અધ્યાત્મના જૂના અંકો

અધ્યાત્મ શરૂ થયું ત્યારથી એટલે છેલ્લા ત્રણ વર્ષોના મોટા ભાગના અંકો ઉપલબ્ધ છે. જે ભાઇ બહેનોને એ જોઇતા હોય તેઓએ તંત્રી, અધ્યાત્મ, ૧૬૮૮ બી, સરદારનગર, ભાવનગર–૧ ના સરનામે પત્ર વ્યવહાર કરવો. દસ અંકોની કિંમત રૂા. ૧૨–૫૦ છે. (ભારતમાં)



## રામકથા

(ગતાંકથી ચાલુ)

શ્રી યોગેશ્વરજી

[શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે લખાયેલ રામકથા]

મંડપમાં બધે નીરવતા વ્યાપી રહી એટલે રાવણ બોલ્યો : 'હવે સ્વયંવરની સફળતાની આશા છોડી દો. જે મહાભારે ધનુષ્ય મારાથી ના ઉંચકી શકાયું તે ધનુષ્યને ઉંચકવાની શક્તિ બીજા કોનામાં હોઈ શકે ? સાક્ષાત શંકર આવીને એને ઉચકી શકે તો જ એ ઉંચકી શકાય. મનુષ્યોમાં તો મારા કરતાં કોઈ વિશેષ પરાક્રમી હોય એવું મને નથી લાગતું.'

રાવણના સાથીદારો ને મિત્ર રાજાઓ પણ એ સાંભળીને બોલી ઉઠ્યા : 'સ્વયંવરની હઠ હવે પડતી મૂકો.'

'રાજા રાવણ જેવો સુયોગ્ય વીર બીજો કોઇયે નહીં મળે.'

સ્વપ્નની અસર સીતા અને ઊર્મિલા પર ઘણા લાંબા વખત લગી તથા ઘણી ભારે રહી.

બંનેએ એકમેકને પોતાના વ્યક્તિગત સ્વપ્નની વાત કહી સંભળાવી. સ્વપ્નની સમાનતા જોઈને બંનેના અંતરમાં આનંદ છવાઈ રહ્યો. સીતાએ કહ્યું :

'આપણું સ્વપ્ન લગભગ એક સરખું છે. એ જોઇને મને નવાઈ લાગે છે.'

ઊર્મિલા બોલી :

'નવાઇ લાગે એ સ્વાભાવિક છે, પરંતુ એમાં નવાઈ કશું જ નથી. આપણા ભાવો એક સરખા છે. એટલે સ્વપ્ન પણ એક સરખા હોઇ શકે એમાં જણાવ્યા પ્રમાણે રામ સ્વયંવરનું ધનુષ્ય ઉચકી લે તો સારું. તને તો હર્ષ થાયજ પરંતુ મારા હર્ષનો યે પાર ન રહે.

'સ્વપ્નનું જગત સાચું નથી હોતું, એની ઘટનાઓ વાસ્તવિક નથી હોતી, છતાં પણ એ જગત કેટલું બધું અનેરું અથવા અનોખું હોય છે ! એમાંય એની ઘટનાઓ, પ્રેરણાઓ કે સૂચનાઓ જ્યારે આપણને અનુકૂળ હોય છે, ત્યારે તો એક પ્રકારનો અસાધારણ આનંદ પેદા કરે છે. રામને ધનુષ્ય ઉપાડવાની તો હજુ વાર છે, સ્વયંવરને પણ થોડીક વાર છે, પરંતુ એ બધી પ્રક્રિયા જાણે પૂરી થઇ ગઈ હોય ને મેં રામના ગળામાં વરમાળા પહેરાવી હોય એવો ઉલ્લાસ મને લાગ્યા કરે છે.'

'એ ઉલ્લાસનું અનુમાન હું સારી પેઠે કરી શકું છું. મને પણ તારા સ્વપ્નની વાત સાંભળીને લગભગ એવો જ ઉલ્લાસ થઇ રહ્યો છે. મને તો લાગે છે કે સ્વયંવર હવે તદ્દન નજદીકનાં ભવિષ્યમાં શરૂ થવાનો છે. ત્યારે તને આવેલું સ્વપ્ન ખાસ મહત્વ ધરાવે છે. એ એક મહાન એંધાણી રૂપ છે. એ સ્વપ્નનો અર્થ એ છે કે રામ શંકરના ધનુષ્યને જરૂર ઉંચકશે. એ ધનુષ્ય ભારે છે છતાં એમની આગળ ફૂલ જેવું હલકું બની જશે.'

સીતા સ્મિત કરતાં કહેવા માંડી :

'તારી ભવિષ્ય વાણી ફળે એવું ઇચ્છું છું. પરંતુ તારા સ્વપ્નનો અર્થ કેવો થાય છે એ પણ કહી બતાવીશ ?'

'મારા સ્વપ્નનો અર્થ તો તું જે સમજતી હોય તે. બાકી એનો સાચો અર્થ તો ઈશ્વર જાણે.'

'મને તો એનો અર્થ પણ એવો જ આશાસ્પદ લાગે છે. સ્વપ્ન જો સાચાં જ પડવાનાં હોય તો તારા દિલમાં લક્ષ્મણને માટે જે પ્રેમ પેદા થયો છે તે પણ સફળ થશે જ.'

'તને તો દેવર્ષિ નારદની ભવિષ્ય વાણીનું પીઠબળ છે, પરંતુ મને એવું પીઠબળ થોડું છે ? એટલે અત્યારે તો મારે એવી આશા જ રાખવી રહી.'



'આશા નહિ પરંતુ શ્રદ્ધા.'

'શ્રધ્ધા રાખવાનું કામ તો જરાક કપરું છે. એ તો એટલી બધી સહેલાઇથી કેવી રીતે રાખી શકું ? પરંતુ આશાવાદી તો હું છું જ એટલે આશા જરૂર રાખી શકું.'

બંને બેનોએ જનકને પોતપોતાનો સ્વપ્ન પ્રસંગ કહી સંભળાવ્યો ત્યારે જનકે પ્રસન્નતા પૂર્વક ઉત્તર આપ્યો :

'સ્વપ્ન કેટલીકવાર પોતાના મનના વિચારો કે ભાવોનો પડઘો પાડે છે, તો કોઇકવાર આગામી ઘટનાઓના એંધાણરૂપ પણ બની રહે છે. રામ ધનુષ્ય ઉપાડશે તે ક્ષણે મને અપાર આનંદ થઇ રહેશે. મારા મગજ પરથી એક મોટી ચિંતા પણ ત્યારે દૂર થશે. એ ધન્ય ક્ષણને માટે જ હું પ્રાર્થના તથા પ્રતીક્ષા કરી રહ્યો છું. રામ અને લક્ષ્મણને લઇને મુનિ વિશ્વામિત્ર આપણી નગરીમાં આવી પહોંચ્યા. એને હું ઈશ્વરની કૃપા જ માનું છું. ત્યારથી કુદરત આપણને અનુકૂળ હોય એવું લાગ્યા કરે છે. દિન પ્રતિદિન બનતી લગભગ બધી જ ઘટનાઓ આપણી આશા ને શ્રધ્ધામાં વધારો કરનારી સાબિત થાય છે. તમને આવેલા સ્વપ્નનો અર્થ પણ હું એવો જ ઘટાવું છું.

સીતા તથા ઊર્મિલા શાંત રહી એટલે રાજા જનકે આગળ કહ્યું.

'મહર્ષિ વિશ્વામિત્રના દર્શનના બહાને હું રામ અને લક્ષ્મણને દિવસમાં બેવાર મળી લઉં છું. એથી મને અનેરી શાંતિ મળે છે, છતાં બ્રહ્માએ એમના સ્વરૂપને એવું તો અમૃતમય અને અદ્દભુત બનાવ્યું છે કે એમને વારંવાર જોવા છતાં પણ મને તૃપ્તિ નથી વળતી. એમ થાય છે કે મારી આંખ આગળ અહર્નિશ ઊભા રહે ને હું એમના દર્શનનો આનંદ લેતો રહું, પરંતુ એવું સદ્દભાગ્ય અત્યારે ક્યાં છે ? એવું સૌભાગ્ય તો જ્યારે સાંપડે ત્યારે ખરું.

રાજા જનક, સીતા અને ઊર્મિલાની અવસ્થા એવી પ્રેમમય

અથવા લાગણીભર હતી તો રામ અને લક્ષ્મણની અવસ્થા પણ ઓછી લાગણીભર ન હતી.

ફૂલવાડીમાંથી બહાર આવ્યા પછી તરત રાતે એ લાગણીઓનો પડઘો પાડતા લક્ષ્મણને કહેવા માંડ્યું.

'કોણ જાણે સીતામાં એવું શું જાદુ છે કે મન એને જોઈને મુગ્ધ બની જાય છે. અંતર કોણ જાણે કેમ પરંતુ કુદરતી રીતે જ એના તરફ ખેંચાઈ જાય છે. દૃષ્ટિને જાણે કોઈ અલૌકિક અક્ષય ભંડાર મળ્યો હોય તેમ એ એના રમણીય રૂપને છોડીને નિમિષ માટે પણ દૂર હટવા નથી માગતી. આપણા જેવા રઘુવંશીઓને માટે આવું આકર્ષણ ખરેખર એક અજાયબી કહેવાય.

લક્ષ્મણે કહ્યું:

'માટે જ લાગે છે કે એની પાછળ માનવ મનની કોઈ સર્વ સામાન્ય આકર્ષણવૃત્તિ નહિ પરંતુ કોઈક જુદી જ વસ્તુ કામ કરી રહી છે, તમારું મન આવી રીતે કોઈ અપરિચિત કુમારિકા પ્રત્યે આકર્ષણ અનુભવે એ વાત માન્યામાં પણ નથી આવી શકતી. એ તમારા સ્વભાવની વિરુદ્ધ છે. છતાં પણ તમારા અણીશુદ્ધ અંતરમાં સીતા માટે આકર્ષણ અને અનુરાગનો આવિર્ભાવ થયો છે. તેનું કારણ સીતા સાથેનો તમારો ભુતકાળનો ને ભવિષ્યનો સંબંધ જ હોઇ શકે.

'મને પણ એવું જ લાગે છે, લક્ષ્મણ! મારું મન કદી કેવળ રૂપને જોઈને નથી મોહાતું. સીતાને માટેનું એવું આકર્ષણ પણ એના લોકોત્તર સ્વરૂપના સૌન્દર્ય પર જ અવલંબે છે એવું હું નથી માનતો.'

લક્ષ્મણની આંખ આગળ ઊર્મિલાની મંદ મંદ સ્મિતરેલતી મુખાકૃતિ રમી રહી હતી. (ક્રમશઃ)

"Quality is our Motto.
Honesty is our Policy"

[ ગુણવત્તા અમારો સિદ્ધાંત–પ્રમાણિકતા અમારી નીતિ ]

## ઉમા સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

: ઓફિસ :

મોટી દલાલ પોળ, વડા બજાર, ઉમરેઠ. જિ. ખેડા ૩૮૮,૨૨૦

ઓફિસ ફોન નં.–૧૩૯ ઘરનો ફોન નં.–૪૧

: કારખાનું :

ભદ્રકાળી માતા પાસે, વડા બજાર ઉમરેઠ.

**અમારી બનાવટો :**

- સ્ટીલનાં કબાટો (કાચવાળાં અને સાદાં) ટ્રંક, સુટકેસ, વાસણો પલંગ, અનાજ ભરવાનાં પીપો, ડાઈનીંગ ટેબલ, વાસણો રાખવાના મૂકવાના નાના–મોટા ઘોડા, પાંજરાં, ડબા રાખવાના મોટા ઘોડા, પાણી ભરવાની દરેક સાઈઝની ગેલ્વેનાઇઝ પતરાંની ડોલો વગેરે.
- સ્ટીલનું બધા જ પ્રકારનું ફર્નિચર બનાવનાર.
- કોરયુગેટેડ ગેલ્વેનાઇઝ–દરેક સાઇઝમાં પતરાં બનાવનાર.
- ઇમ્પોર્ટેડ રંગીન શીટમાંથી ડોલો, ટ્રંકો સુટકેસો, ડાઈનીંગ ટેબલો, સફેદ તેમજ દરેક રંગમાં બનાવનાર.

: માલિક :

**ભગવતલાલ મોહનલાલ દલાલ**

૭–૫૧, તારા બાગ એસ્ટેટ, ચર્ની રોડ, મુંબઈ નં ૪૦૦,૦૦૪

ટેલિફોન નં. ૩૩૧૫૧૪ ,૩૫૪૪૭૭, અને ૩૫૬૬૮૯

# પ્રાર્થના

સાધકમાં શિશુ જેવી સરળતા, નિષ્કપટતા. નિખાલસતા ના આવે અને સાધક શિશુ સમાન રાગદ્વેષરહિત, શુદ્ધ, ભોળો ના બને, જીવનને પરમાત્માના પવિત્ર પ્રેમથી પરિપ્લાવિત કરીને એના અલૌકિક અનુગ્રહને અનુભવવા આતુર ના બને, ત્યાં સુધી ગમે તેવાં ને ગમે તેટલાં સાધનો કરવામાં આવે તો પણ પરમાત્માનો સુખદ સાક્ષાત્કાર નથી. સધાતો સાધકે સદ્દવિચાર, સદ્દભાવ, સદાચારની ભૂમિકાનું નિર્માણ કરવું જ રહે છે. એવી ભૂમિકાના પ્રામાણિક પ્રયત્નો તો કરવા જ પડે છે. પ્રાર્થના એવા પ્રયત્નોમાં મદદ કરે છે. પ્રાર્થના એ કોઈ સંગીતશાસ્ત્રવિશારદ ઉસ્તાદની શાસ્ત્રીય રાગરાગિણી નથી. પ્રાર્થના કેવળ સુરીલો રાગ નથી પ્રાર્થના એટલે વિચારો અને ભાવોનું પરમાત્મા પ્રત્યે પ્રવાહીકરણ. અણુ પરમાણુનું પવિત્ર પ્રેમપૂર્ણ પ્રસ્ફુટીકરણ. એ કોઈ લૌકિક માગણી નથી; પરંતુ પોતાના હૃદયને પરમાત્મા-પ્રત્યે વહેતું કરવાની પ્રસન્ન પ્રશાંત પ્રક્રિયા છે. જીવ તથા શિવને સાંધનારો સેતુ છે. આત્મા અને પરમાત્માના સંમિલનની સરળ, સચોટ, સીધી સાધના છે. ધ્યાનના આરંભમાં એનો આધાર લેવાથી લાભ થાય છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨